

* અમે તો સૌને ભગવાન દેખીએ છીએ. અંદર નિત્યાનંદ પ્રભુ ત્રિકાળી ચૈતન્ય ભગવાન બિરાજે છે, તેના આશ્રયથી સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. વિકલ્પનું અને પરનું લક્ષ છોડીને અંદરમાં ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્માનો આશ્રય કરવો તે એક જ કરવાયોગ્ય મૂળ વસ્તુ છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* અન્ય જીવ અન્ય કોઈ જીવના વિષયમાં શોક કરતો થકો કહે છે કે અરેરે! મારા સ્વામી મરણ પામ્યા. પરંતુ તે જીવ પોતાને માટે નથી શોક કરતો કે હું સંસાર-સમુદ્રમાં બૂડેલો છું. સંસારમાં જીવ જેમ બીજાના વિષયમાં વિચાર કરે છે તેમ જો પોતાને માટે પણ વિચાર કરે તો તે શીઘ્ર પોતાનું હિત કરી શકે. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચારશીલ રહેતો નથી.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર–બાર ભાવના, ગાથા–૧૧)

* જે પુરુષ પરની નિંદા કરીને પોતાને ગુણવાનપણામાં સ્થાપવા ઇચ્છે છે તે પુરુષ કડવી દવા અન્ય પીવે અને પોતે નિરોગ થવા ઇચ્છે છે.

સત્પુરુષ અન્યનો દોષ જોઈને પોતે લજ્જા પામે છે. જેમ પોતાના દોષની રક્ષા કરે-ગોપવે, તેમ અન્યનો દોષ જોઈને, લોકમાં સંયમની નિંદા થવાના ભયથી બીજાનો દોષ પ્રગટ ન કરે.

જેમ તેલનું ટીંપુ પાણીમાં વિસ્તારને પામે છે તેમ બીજાનો અત્યંત અલ્પ ગુણ પણ સત્પુરુષને પ્રાપ્ત થઈને ઘણા વિસ્તારને પામે છે. એવા સત્પુરુષ પરના દોષ કેવી રીતે કહે–કેવી રીતે પ્રગટ કરે? સત્પુરુષ બીજાના દોષ પ્રગટ કરતા જ નથી.

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૩૭૬–૭૭–૭૮)

* "આ દેહ મારો છે અને હું આ દેહનો છું" આવી દૃઢ શ્રદ્ધા પૂર્વક દેહની સાથે જીવને પ્રીતિ છે અર્થાત્ દેહરૂપ ક્ષેત્ર વિષે ક્ષેત્રીયરૂપે એટલે સ્વામીપણે જ્યાં સુધી જીવ પ્રવર્તી રહ્યો છે ત્યાં સુધી તપના પરમ ફળરૂપ મોક્ષની આશા રાખવી વ્યર્થ છે. દેહ પ્રત્યેની એકત્વ-ભાવના મોક્ષાર્થીને એક મહાન ઘાત સમાન વિઘ્નરૂપ છે.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૨૪૨)

કહાન
સંવત-૪
વર્ષ-૪૧
અંક-૩
[ ૪૯૧ ]




વીર
સંવત
૨૫૧૦
A.D. 1984
SEPT.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન-ગુરુ-પ્રસાદ

▫ શ્રદ્ધાનમાં વિપરીતતા હોવાથી સમ્યક્ અટકે છે—થતું નથી અને પુરુષાર્થની નબળાઈથી ચારિત્ર અટકે છે—પ્રગટતું નથી. છતાં સમ્યક્ નહિ થવામાં શ્રદ્ધાનની વિપરીતતાને બદલે પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાન દોષને રાઇ સમાન અલ્પ જાણે છે; તે ડુંગર જેવડા મહાન દોષને છેદી શકે નહિ.

▫ પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડયો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી.

▫ જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઉતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે.

▫ શરીર આદિ બાહ્ય ચીજથી તો આત્મા ભિન્ન છે જ. રાગથી અને અલ્પજ્ઞતાથી અધિકપણે એટલે કે ભિન્ન આત્માને જાણવો તે અલૌકિક પુરુષાર્થ છે.

▫ અરે ચૈતન્યપ્રભુ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે એવી તારી તાકાત! ને તું કહે છે કે મને મારું સ્વરૂપ ન સમજાય—એ કહેતા તને શરમ નથી આવતી?

—o—

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

જન્મજયંતીના મંગલ દિને અભિવાદન પ્રસંગે

## પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

શ્રીમુખેથી વહેલી ગુરુ-ઉપકૃતભાવભીની સ્વાનુભવમુદ્રિત

# તાત્ત્વિક અમૃતધારા

[ સંકલિત ]

પ્રશ્ન :—સમયસાર-શાસ્ત્રમાં, પોતાને પ્રાપ્ત થયેલા નિજવૈભવથી એકત્વવિભક્ત આત્માનું સ્વરૂપ દર્શાવવાની પ્રતિજ્ઞા કરીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે શ્રોતાઓને કહ્યું કે 'જે હું દર્શાવું તો તમે અનુભવથી પ્રમાણ કરજો'; તો અમે સર્વ મુમુક્ષુ ભાઈબહેનો, આજના મંગલ દિને, આપને પ્રગટ થયેલ નિજવૈભવનું સ્વરૂપ સાંભળવા–સમજવા ઉત્સુક છીએ, તો કૃપા કરી વિસ્તારથી એ સ્વરૂપ સમજાવશો.

(પૂજ્ય બહેનશ્રી:—) ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તોડીને અંદર ચૈતન્ય તરફ સન્મુખતા કરી તેની સાથે એકત્વ કરે તો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય. એકત્વ માટે તેનો નિરંતર અભ્યાસ, લગની અને વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે—એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય; પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને છે.

દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા અપાર છે. અંતરમાં શુદ્ધાત્માનો મહિમા લાવીને ધ્યેય એનું જ રાખવું; નિરંતર એનું જ ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરવો. એ જ કરવાનું છે. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે પણ લાલપીળા ફૂલની છાયામાં તે લાલપીળો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો (લાલપીળો) થયો નથી; તેમ ચૈતન્યપદાર્થ સ્વભાવે નિર્મળ છે પણ તેની પરિણતિમાં ક્લેશની કાલિમાને લઈને અનેક જાતના વિભાવો દેખાય છે, તોપણ વસ્તુતઃ તે કાંઈ મેલો થઈ ગયો નથી, અંતરમાં દૃષ્ટિ કરે તો શુદ્ધ છે. માટે શુદ્ધાત્મા પર દૃષ્ટિ કરી, એની જ લગની, એની જ

ધુન અને એનું જ દિવસ ને રાત—ક્ષણે ક્ષણે—ભેદજ્ઞાન કરવાનુ કે 'આ જે વિભાવો છે તે મારો સ્વભાવ નથી, હું તેમનાથી જુદો—ન્યારો ચૈતન્યમય છું'. એની જ લગની લગાતાર લાગે તો એ નિર્વિકલ્પ તત્ત્વ—સ્વાનુભૂતિ—પ્રાપ્ત થયા વગર રહે જ નહિ.

હું જ્ઞાયક છું, જ્ઞાયક છું-એમ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કરવો. યથાર્થ તો પછી થાય છે પણ પહેલાં એનો અભ્યાસ થાય છે. એનો અભ્યાસ વારંવાર કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. કરવાનું એ એક જ છે. અનાદિ કાળમાં જીવે એક સમ્યગ્દર્શન કર્યું નથી, બહારનું બીજું બધું કર્યું છે. અહા! સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે!

જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેમને ઓળખ્યા નથી માટે 'જિનવરસ્વામી મળ્યા નથી' એમ શાસ્ત્રમાં આવે છે. એ રીતે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ અપૂર્વ છે; એ પણ જીવે કોઈ વાર પ્રાપ્ત કર્યું નથી. જે ભગવાનને યથાર્થ ઓળખે તે પોતાના આત્માને યથાર્થ ઓળખે છે—એવો સબંધ છે. ભગવાનને જે દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે ઓળખે તે પોતાને ઓળખે અને જે પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. માટે પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ શો છે, તેને પર સાથે શો સંબંધ છે-તે સમજી, બંને દ્રવ્યો જુદેજુદાં છે એમ યથાર્થ રીતે ખ્યાલમાં લઈ, પર સાથેની એકત્વબુદ્ધિ તોડવી. વિભાવભાવો પણ આત્માનો સ્વભાવ નથી, એમનાથી પણ પોતે જુદો છે; ગુણોના ભેદ અને પર્યાયોના ભેદ-એ પણ ચૈતન્યનું અખંડ સ્વરૂપ નથી. બધી રીતે ચૈતન્યને—શુદ્ધાત્માને ન્યારો ગ્રહણ કરવો, જુદો પ્રતીત કરવો. એમ કરીને, એનો જ વારંવાર અભ્યાસ કરી, એમાં લીનતા કરવી. આમ કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થયા વિના રહેતી જ નથી.

કરવાનું તો આ એક જ છે. શ્રુતનું શ્રવણ, ચિંતવન, લગની, મહિમા—બધું એને માટે જ કરવાનું છે. ગુરુદેવે કોઈ અદ્‌ભુત માર્ગ બતાવ્યો છે. આ પંચમ કાળમાં ગુરુદેવ જેવા મહાપુરુષનો અહીં અવતાર થયો એ કોઈ મહાભાગ્યની વાત છે. ગુરુદેવ—આશ્ચર્યકારી અપૂર્વ આત્મા,

તીર્થંકરનું દ્રવ્ય—જીવોનો ઉદ્ધાર કરવા અહીં પધાર્યા. અનંત કાળથી જન્મમરણ કરતા જીવોને ઉદ્ધારવા આવા મહાપુરુષ અહીં જન્મ્યા એ જીવોનાં મહાભાગ્ય છે. ગુરુદેવે આખા હિન્દુસ્તાનને જાગ્રત કર્યું છે, પાત્ર જીવોની રુચિ તત્ત્વ તરફ વાળી છે. તેમણે સ્વાનુભૂતિની વાત પ્રગટ કરીને આખા ભારતના જીવોને જગાડયા છે. ગુરુદેવનો પરમ પરમ ઉપકાર છે. હું તો તેમનો દાસ છું. તેમણે ઘણું સમજાવ્યું છે. ગુરુદેવની વાણી પણ કેવી અપૂર્વ હતી! એમની વાણી પાછળ એકલો આત્મા જ દેખાતો હતો—તેઓ આત્માનું સ્વરૂપ જ બતાવતા હતા. ગુરુદેવનું દ્રવ્ય 'તીર્થંકરનું દ્રવ્ય' હતું. આ ભરતક્ષેત્રમાં આવીને એમણે મહાન મહાન ઉપકાર કર્યો છે.

આચાર્યદેવની તો શી વાત કરવી? તેમણે આત્માનું એકત્વ-વિભક્ત સ્વરૂપ સ્વાનુભવમુદ્રિત નિજ વૈભવ વડે સુંદર રીતે દર્શાવ્યું છે. આત્માને સ્વરૂપથી એકત્વમય તથા પર ને વિભાવથી વિભક્ત જાણવો તે જ મુક્તિનો માર્ગ છે. સ્વરૂપથી એકત્વમય ને વિભાવથી વિભક્ત એવા નિજ આત્માને ઓળખવાનો જીવે કદી પ્રયત્ન કર્યો નથી. આત્મા જ સર્વસ્વ છે; જગતમાં આશ્ચર્યભૂત એક આત્મા જ છે, બીજી કોઈ વસ્તુ આશ્ચર્યભૂત નથી; માટે એક આત્માને જ ગ્રહણ કરવો. એને જ ગ્રહણ કરવાનો અભ્યાસ તે જ જીવનનું કર્તવ્ય છે.

આત્માને—એકત્વવિભક્ત શુદ્ધાત્માને—ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. દરેક કાર્યમાં શુદ્ધાત્મા જે રીતે ગ્રહાય તે રીતનો ઉદ્યમ રાખવો. છ દ્રવ્યમાં એક શુદ્ધાત્મા, નવ તત્ત્વમાં પણ એક શુદ્ધાત્મા ગ્રહવાયોગ્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ આલંબનભૂત એક શુદ્ધાત્મા જ છે. બસ, એક શુદ્ધાત્માને ગ્રહણ કરવો. એ શુદ્ધાત્મા પરથી ને વિભાવથી વિભક્ત છે અને ભેદભાવોથી પણ ન્યારો છે. તોપણ આત્મામાં વચ્ચે સાધકદશાની પર્યાયો આવ્યા વગર રહેતી નથી એવું જ્ઞાન કરવું. એ શુદ્ધાત્માને યથાર્થ ગ્રહણ કરી, એની પ્રતીતિ અને એમાં લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. અને એ સ્વાનુભૂતિ જ આત્માએ જીવનમાં પ્રાપ્ત કરવાયોગ્ય છે.

—૦—

બહાર નજર કરતાં હોળી સળગે તેવું છે,
માટે બહાર ખોવાઈ ન જઈશ.

# આજે જ તારું હિત સાધી લે, વિલંબ ન કરીશ!

[ શ્રી યોગસારશાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[સળંગ પ્રવચન નં. ૨૪]

આ યોગસાર શાસ્ત્ર ચાલે છે. આજથી ૭૦૦-૮૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા શ્રી યોગીન્દ્રદેવે આ શાસ્ત્ર રચેલું છે.

આજે મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. પ્રભુને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ દશમે થયું હતું પણ ૬૬ દિવસ સુધી વાણી ન છૂટી. તેથી વ્યવહારથી એમ કહેવાય કે વાણીને ઝીલનાર ગણધરદેવની હાજરી ન હતી માટે વાણી ન છૂટી, પણ ખરેખર તો વાણી છૂટવાનો યોગ ન હતો માટે જ વાણી ન છૂટી. પછી વિચાર કરીને ઈન્દ્ર ઈન્દ્રભૂતિ—ગૌતમ પાસે ગયા અને છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ આદિનું સ્વરૂપ સમજાવવા તેને કહ્યું. એ તો તેને આવડતું ન હતું એટલે કહે ચાલ, તારા ગુરુ પાસે. તેથી ઈન્દ્ર ગૌતમને લઈને ભગવાન પાસે આવ્યા અને જ્યાં ગૌતમે સમવસરણ જોયું ત્યાં તો એનું માન ગળી ગયું અને અંદર ગયા ત્યાં તો આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. તેની યોગ્યતા હતી ને! તરત ભગવાનની વાણી છૂટી. શ્રાવણ વદ એકમે સૌ પ્રથમ વાણી છૂટી તે ગૌતમ ગણધરે ઝીલી અને ભાવશ્રુતરૂપે પરિણમીને [illegible]ત્રરૂપે વાણી ગૂંથી. અંતર્મુહૂર્તમાં બાર અંગ અને ચૌદપૂર્વની રચના કરી. આજના દિવસે આ રચના થઈ. તે બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર શું? તે અહીં કહેવામાં આવે છે.

૧૨ અંગમાં સંયોગ, વિકલ્પ અને એક સમયની અવસ્થાની ઉપેક્ષા કરીને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની અપેક્ષા કરવી એવો સાર યોગસારરૂપે ભગવાનની વાણીમાં આવ્યો. ધ્રુવ, શાશ્વત, એકરૂપ, અનાદિ અનંત એવી ચીજમાં એકાકાર થઈને સ્વરૂપના આનંદનું વેદન થવું તેને યોગસાર કહે છે કે જે મોક્ષનો માર્ગ છે.

હવે અહીં કહે છે કે જગતમાં તત્ત્વજ્ઞાનીઓ વિરલ હોય છે.

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઇ,
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઇ. ૬૬.

આત્મજ્ઞાન પ્રાપ્ત થવું ઘણું કઠિન છે તેથી બહુ થોડાં જીવો જ આ આત્મજ્ઞાનનો

લાભ પામી શકે છે. આત્મતત્ત્વની વાત કહેનારાં તો દુર્લભ છે પણ તેને સાંભળનારાં પણ દુર્લભ છે. જેને નિમિત્ત, વ્યવહાર અને રાગાદિની વાત રુચે છે તેને આ વાત સાંભળવી પણ રુચતી નથી.

ભગવાન આત્મા તરફનું અંતરમાં વલણ કરી સ્વરૂપને ધ્યેય બનાવી તેનું ધ્યાન કરનારા જીવો વિરલ છે. પુણ્ય કરવા કે તેના ફળ મળવા—ઇન્દ્ર, ચક્રવર્તી આદિની પદવી મળવી દુર્લભ ન કહી પણ આત્માનું ધ્યાન કરવું દુર્લભ છે, તેથી ધ્યાન કરનારાં જીવો જગતમાં દુર્લભ છે. રાગ રહિત વીતરાગ આત્માની વીતરાગી પરિણતી પ્રગટ કરવી અને તેની ધારણા કરવી, એ મહા દુર્લભ છે. એ ધારણાને સ્મૃતિમાં લઈને વારંવાર અનુભવ કરનારા જીવો બહુ વિરલ છે. દિવ્યધ્વનિમાં આવેલી આ વાત છે.

શાસ્ત્રની ધારણા, બોલચાલની ધારણા કરનારાં તો જગતમાં ઘણાં છે. પણ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં-અનુભવમાં જે આત્મા આવ્યો તેની ધારણા કરનારા જીવો બહુ વિરલ છે. પહેલાં તો આત્મજ્ઞાન પ્રગટ કરવું તે જ બહુ દુર્લભ છે. તેથી થોડાં જ જીવો આ અનુપમ તત્ત્વનો લાભ લઈ શકે છે. કેમ કે મનરહિત પંચેન્દ્રિય સુધીના જીવોને તો વિચાર કરવાની જ શક્તિ નથી અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોમાં નારકી તો રાત-દિવસ કષાયના કાર્યોમાં લાગેલાં છે. પશુઓમાં પણ આત્મજ્ઞાનનું સાધન પામવું ઘણું દુર્લભ છે. દેવોમાં વિષયોની અતિ તીવ્રતા છે અને વૈરાગ્યભાવની દુર્લભતા છે.

મનુષ્યગતિમાં જ આત્મજ્ઞાનની પ્રાપ્તિનું સાધન સુગમ છે તોપણ તેની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે. કેમ કે મનુષ્યોમાં કેટલાક તો રાત-દિવસ શરીરની સગવડતા સંભાળવામાં જ રોકાય છે. કેટલાક વ્યવહારની રુચિવાળા માત્ર વ્યવહારનાં ગ્રંથો જ વાંચે અને સાંભળે છે. અધ્યાત્મગ્રંથો વાંચવા-સાંભળવાનો તેને ટાઈમ જ નથી એટલે દરકાર જ નથી. ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ, વૈદક આદિના પંડિતો ઘણાં બની જાય છે. અધ્યાત્મશાસ્ત્રોને સૂક્ષ્મદૃષ્ટિથી કોઈ વાંચતું-વિચારતું નથી. વ્યવહાર કરતાં કરતાં ધર્મ થઈ જશે એમ માને છે પણ અસંગ, નિર્વિકલ્પ, વીતરાગ તત્ત્વને સમજીને મનન કરનારાં બહુ થોડાં જીવો છે.

ભગવાન આત્માની ગાંઠમાં એકલી વીતરાગતા ભરી છે. એકલા ચૈતન્યરત્નો ભર્યા છે. તેમાં રાગ-દ્વેષ કે વિકારનું કોઈ સ્થાન નથી. નિશ્ચયનયથી એક પોતાનો આત્મા જ આરાધ્યદેવ છે તે વાતનો વ્યવહારીજન વિશ્વાસ કરી શકતા નથી. ખરેખર આરાધવા યોગ્ય સેવવા યોગ્ય તો પોતાનો આત્મા છે. પરમેશ્વર વીતરાગદેવ તે

વ્યવહારે આરાધ્યદેવ છે. આવી વાત જે અધ્યાત્મશાસ્ત્રમાં ભરી છે તેને કોઈ સૂક્ષ્મ દૃષ્ટિથી વાંચતાં નથી તેમ વિચારતાં પણ નથી.

આચાર્ય કુંદકુંદદેવ પણ સમયસારમાં કહે છે કે આ રાગની કથા કરી અને વેદી એવી વાત તો જીવે અનાદિથી સાંભળી છે પણ રાગથી ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન આત્માની વાત જીવે કદી સાંભળી નથી. નિમિત્ત અને રાગથી ભિન્ન ભગવાન આત્માની વાત સાંભળવા મળવી એ પણ ઘણું દુર્લભ છે. નિમિત્ત અને રાગાદિ વ્યવહાર દ્વારા આત્માને જાણી શકાય એવું માનનારને નિમિત્ત આદિથી આત્માને ન જાણી શકાય એવી આ વાત સાંભળવી અને સ્વીકારવી આકરી પડી જાય. સ્વભાવથી એકત્વ અને વિભાવથી વિભક્ત આત્માની વાત જગતને સાંભળવી દુર્લભ છે. પરિચય કરવો દુર્લભ છે અને અનુભવમાં લેવી એ તો એથી પણ વધુ દુર્લભ છે.

કેટલાક પંડિતો વિદ્વાનો ક્રિયાકાંડથી ધર્મ મનાવે છે. જ્યારે અહીં ક્રિયાકાંડથી તો ધર્મ ન થાય પણ વિકલ્પથી કે ગુણભેદથી પણ ધર્મ ન થાય એવી વાત છે. ધર્મી-ભગવાન આત્મા અને આનંદ તેનો ગુણ એવા ભેદના લક્ષથી પણ ધર્મ ન થાય. આવી વાત કહેનારા વિરલા જ્ઞાની પણ જો કદાચ મળી આવે તો તેને સાંભળનારાં રુચિવંત શ્રોતા પણ દુર્લભ છે.

ભાઈ! તું જે નિર્દોષ દશા પ્રગટ કરવા માગે છે તેવી અનંતી દશા-અવસ્થાનો પિંડ જ તું પોતે છો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પિંડ તું પોતે છો, તેના સિવાય બીજું તારે શું જોઈએ છે? રુચિવંત જીવોને માટે આ વાત છે. આવા જીવો જગતમાં બહુ વિરલ છે. તેમાં પણ આત્માનુભૂતિ પ્રગટ કરનારાં જીવો તો વિરલ... વિરલ... વિરલ છે.

આ માનવજન્મ પ્રાપ્ત કરીને નિર્મળ અનુભૂતિ પ્રગટ કરવાનો ઉપાય કરવો જરૂરી છે. જેને આત્મજ્ઞાનની રુચિ થાય તેને માર્ગ મળે જ છે. એ માર્ગથી જીવ સીધો મોક્ષમાં પહોંચી જાય છે.

આ ભયાનક સંસારમાં રખડતાં જીવને આત્મજ્ઞાનરૂપી મહારત્ન ક્યાંય મળ્યું નથી. હવે જો તને આ રત્ન મળ્યું હોય—આત્મજ્ઞાન થયું હોય તો જરા પણ પ્રમાદ ન કરીશ. વિષયોની લોલુપતામાં આ રત્ન ખોવાઈ ન જાય તેનું ધ્યાન રાખજે. આ વાત 'સાર સમુચ્ચય'માં લીધી છે અને ટોડરમલજી પણ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં લખે છે કે આત્માની અનુભૂતિમાં રહેજે. બહાર ખોવાઈ ન જઈશ! આ ચિઠ્ઠી તો એવી અમૂલ્ય છે કે એક માણસે લખેલું કે જો આ ચિઠ્ઠી અંગ્રેજીમાં હોત અને વિલાયતમાં પહોંચી હોત તો એક એક ચિઠ્ઠીની કિંમત હજારોની થાત.

આ રીતે ૬૬ મી ગાથાથાં આત્મરસિક જીવોની વિરલતા બતાવી. હવે ૬૭ માં મુનિરાજ કહે છે કે કુટુંબમોહ ત્યાગવા યોગ્ય છે.

આ પરિવાર ન મુજતણો, છે સુખદુઃખની ખાણ;
જ્ઞાનીજન એમ ચિંતવી, શીઘ્ર કરે ભવહાણ. ૬૭.

ધર્માત્મા જીવે નિજ આત્મસ્વભાવમાં યોગ નામ જોડાણ–એકાગ્રતા કરવા માટે કુટુંબ પ્રત્યેનો મમત્વભાવ છોડવાયોગ્ય છે. કુટુંબના મોહમાં રોકાઈને આત્મધ્યાન ખોવા જેવું નથી. કુટુંબ–પરિવાર એ તો ધુતારાની ટોળી છે. નિયમસારમાં આવે છે ને! પોતાના સ્વાર્થ માટે–પોતાનું પેટ ભરવા માટે ધુતારાની ટોળી મળી છે. સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ લૌકિક સુખ–દુઃખના એટલે કે દુઃખના જ નિમિત્તો છે. તેના પાલનપોષણમાં રોકાઈશ નહિ. આત્માની દરકાર કરીને આત્માનું ધ્યાન કરજે.

પ્રશ્નઃ—કુટુંબના માણસોને ભૂખ્યા મરવા દેવાય ?

અરે! ભૂખ્યા કોણ મરે ? બધાને પોત-પોતાના પુણ્ય પ્રમાણે મળી જ રહેવાનું છે. તું તેનું ભરણ–પોષણ કરીશ તો જ થશે એમ નથી.

યોગસાર છે ને! આત્મામાં એકાગ્ર થવા માટે કુટુંબ આદિનો મોહ છોડજે! એ તો પોતાના કારણે આવ્યા છે. પોતાના કારણે ટકી રહ્યાં છે અને પોતાના કારણે ચાલ્યા જશે; તારે અને એને કાંઈ સંબંધ નથી. આમ મોહ છોડીને અંદરમાં એકાકાર નહિ થા તો એકાગ્રતા–યોગસાર નહિ થઈ શકે. અરે! જ્યાં શરીર મારું નથી ત્યાં શરીરના સંબંધવાળા મારા ક્યાંથી હોય? બધાં મારા શરીરને ઓળખે છે કે આ મારો દીકરો છે ને આ મારો પિતા છે. આત્માને તો કોઈ ઓળખતું નથી.

ઈન્દ્રિયસુખનો કામી જીવ ઈન્દ્રિયવિષયોના સહકારી કારણોને છોડતો નથી. સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, મકાન, આબરૂ એ બધાં મારા સુખના સાધન છે–એમ માનનારો તેમાંથી રુચિ છોડી શકતો નથી. બાલ્યાવસ્થામાં માતા-પિતા દ્વારા પાલન-પોષણ અને લાડ-પ્યાર મળે છે તેથી બાળકને માતા-પિતા પ્રત્યે તીવ્ર મોહ થાય છે. યુવાનીમાં સ્ત્રી અને પુત્ર–પુત્રીથી ઇન્દ્રિયસુખ મેળવે છે તેથી તેનો મોહ કરે છે. જે મિત્રોથી અને નોકર-ચાકરથી ઈન્દ્રિયસુખમાં સહકાર મળે છે તેને સારાં માની રાગ કરે છે અને જે સુખમાં બાધક થાય તેને દુશ્મન સમજી દ્વેષ કરે છે. આમ બધાં પ્રાણી ઈન્દ્રિયસુખના સ્વાર્થ ખાતર બીજાં પ્રત્યે મોહ કરે છે પણ આત્માનું સુખ એ જ વાસ્તવિક સુખ છે અને ઇન્દ્રિયસુખ એ તો દુઃખ છે. એવી જો તેને પ્રતીતિ થાય તો ઇન્દ્રિયસુખના નિમિત્તોને પણ સહકારી માને નહિ અને તેમાં મોહ કરે નહિ.

જેમ કમળને જળનો સ્પર્શ નથી, કમળ જળથી અલિપ્ત છે, તેમ જેણે નિજ-

આત્માનો અનુભવ કરી અતીન્દ્રિયસુખ પ્રાપ્ત કર્યું છે એવા ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં જળકમળવત્ નિર્લેપ રહે છે.

સ્ત્રી, પુત્ર આદિ બધા મારા આત્માથી સર્વથા ભિન્ન છે. આત્મા સાથે સંબંધવાળા નથી. તેમનો સંયોગ વાયુ સમાન ચંચળ છે. પવનથી જેમ પાંદડા આમતેમ ઉડે તેમ પૂર્વના પુણ્ય-પાપ અનુસાર ક્ષણિક સંયોગો આવે છે ને જાય છે. તેમાં ઇન્દ્રિય સુખના લોલુપી અને અતીન્દ્રિય સુખના અજાણ—મૂર્ખ જીવો અનુકૂળ સંયોગ મળતાં એવી કલ્પના કરે છે કે જાણે અમને સ્વર્ગ મળી ગયું પણ પોતાના આત્માનો અનુભવ કરીને અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરવાનો આ મૂર્ખ જીવો પ્રયત્ન જ કરતાં નથી. જે કેવળજ્ઞાન લક્ષ્મીનો સ્વામી છે એવા આત્માની ઓળખાણ કરીને અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની ભાવના મોક્ષાર્થી જીવો જ કરે છે. વિષયલોલુપી જીવો તો પોતાના પુણ્યાધીન મળેલા ક્ષણિક અનુકૂળ સંયોગોમાં જ સાચું સુખ માનીને અટકી જાય છે, તેને અતીન્દ્રિય સુખની રુચિ થતી નથી.

અંદરમાં અનુકૂળતાનો પિંડ-ભગવાન આત્મા બિરાજમાન છે તેની દૃષ્ટિ ન કરતાં બહારની ક્ષણિક અનુકૂળતામાં રુચિ કરે છે, સુખ માને છે તે ભ્રમણા છે. એમ કહી હવે આચાર્યદેવ સંસારમાં કોઈ શરણદાતાર નથી એ વાત બતાવે છે.

ઇન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ નહિ શરણ દાતાર,
શરણ ન જાણી મુનિવરો, નિજરૂપ વેદે આપ. ૬૮.

આત્મધ્યાની આત્મજ્ઞાની મહામુનિ સંત યોગીન્દ્રદેવ જગત સામે પોકાર કરીને કહે છે કે ઇન્દ્ર, ધરણેન્દ્ર કે ચક્રવર્તી કોઈપણ આ સંસારી જીવના રક્ષક થઈ શકતા નથી. દરેકને પોતાનો આત્મા જ એક રક્ષક છે, શરણ-દાતાર છે. તેથી મુનિ પોતાને પોતાનું શરણ જાણી પોતે પોતાને ધ્યાવે છે. પોતાના આત્મામાં શરણ મેળવી લ્યે છે.

'નિજરૂપ વેદે આપ' કહેતાં એમ કહેવું છે કે વ્યવહાર દ્વારા કે નિમિત્ત દ્વારા અનુભવ થઈ શકતો નથી પણ શુદ્ધ વીતરાગ પ્રભુ નિજ આત્માનો શુદ્ધ વીતરાગ પરિણતિ દ્વારા જ અનુભવ થઈ શકે છે. એ સિવાય અનુભવનો બીજો કોઈ ઉપાય નથી. એમ પોતે પહેલાં નિર્ણય કરવો જોઈએ.

જીવને જ્યારે પ્રતિકૂળતાનો કે મરણનો કાળ આવે છે ત્યારે તેમાંથી તેને છોડાવવા કોઈ સમર્થ નથી. ચક્રવર્તી જેવાને પણ મરણકાળે છ ખંડનું રાજ્ય છોડીને જવું પડે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી ૭૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી અંત સમયે હીરાના પલંગમાં સૂતો હતો, હજારો દેવો જેની સેવામાં હાજર હતાં. ૯૬૦૦૦ રાણીઓ સામે ઉભી હતી અને બ્રહ્મદત્ત મરીને સીધો સાતમી નરકમાં ૩૩ સાગરનું આયુષ્ય

લઈને ગયો. ત્યાં વિલાપ કરે છે કે અરે મને અહીં કોઈ શરણ ન મળે! ભાઈ! તેં આત્માને તો સંભાળ્યો નથી. વિકલ્પ પણ જ્યાં શરણ નથી, ત્યાં બહારના સંયોગો તો શું શરણ આપે! અનંત સામર્થ્યનો ધણી પોતાનો આત્મા તેની દૃષ્ટિ કદી કરી નથી. તો તેના વગર કોણ શરણ આપે? ભગવાન પણ શરણદાતા નથી. પોતાનો પ્રભુ જ પોતાને શરણદાતા છે. પોતાનો આત્મા જ અરિહંત છે, પોતાનું સ્વરૂપ જ સિદ્ધ સમાન છે, પોતાનું સ્વરૂપ આચાર્ય, ઉપાધ્યાય, સાધુની વીતરાગી પરિણતિ જેવું છે. આત્મા પોતે જ પાંચપદરૂપે છે. અષ્ટપાહુડમાં કુંદકુંદાચાર્યે આ વાત લીધી છે કે પાંચેય પદરૂપે પોતાનો આત્મા જ છે. અરિહંત, સિદ્ધ આદિ કોઈ શરણ આપવા આવતા નથી.

આ રીતે જ્ઞાનીજીવે અશરણ ભાવના ભાવીને કર્મોના ક્ષયનો ઉપાય કરવો યોગ્ય છે કેમ કે કર્મોનો સંયોગ એક સમય પણ ગુણકારી નથી.

સમયસારમાં કહ્યું છે કે હું પર જીવને સુખી-દુઃખી કરી શકું છું એ માન્યતા મહા મિથ્યાત્વ છે. સૌ પોતાના પૂર્વના કર્મોના ઉદય પ્રમાણે આયુષ્ય અને સંયોગ લઈને આવે છે, તેમાં અન્ય કોઈ જીવ ફેરફાર કરી શકતો નથી. બૃહદ-સામાયિક પાઠમાં આવે છે કે જ્યારે મરણ આવે છે ત્યારે વૈદ્ય, બ્રાહ્મણ, સ્ત્રી, પુત્ર, માતા, નોકર, ચાકર કે ઇન્દ્ર આદિ કોઈ પણ બચાવી શકતું નથી. એક શરણભૂત માત્ર પોતાનો આત્મા છે એમ વિચાર કરીને સજ્જનોએ આત્મિક કામ કરવામાં વાર લગાવવી ન જોઈએ. આવો મનુષ્યદેહ, પાંચ ઇન્દ્રિય અને જૈનધર્મ મળ્યા પછી આત્મહિતના કાર્યમાં વાર ન લગાડીશ. આજે જ કરજે. અમૃતચંદ્ર આચાર્ય પ્રવચનસારમાં કહે છે કે આજે જ તારું હિત સાધી લે. વિલંબ ન કર!

પૂર્ણાનંદનો નાથ ચૈતન્યરત્નાકર એવા નિજ આત્મામાં દૃષ્ટિ કરતાં નિધાન ફાટે તેવું છે. બહાર નજર કરતાં હોળી સળગે તેવું છે. બહાર નજર કરતાં વિકલ્પ ઉઠશે અને આકુળતા થશે અને નિરાકુળ સ્વભાવમાં દૃષ્ટિ કરતાં પર્યાયમાં પણ નિરાકુળતા પ્રગટશે. માટે હે જીવ! સ્વભાવદૃષ્ટિ કરવામાં તું જરાપણ વિલંબ ન કર! આજે જ કર! અત્યારે જ કર!

—૦—

(ક્રમશઃ)

**જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઇને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે.**

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# સુખનો ઉપાય : લોકાલોક પ્રકાશક આત્માને જાણ

[ શ્રી ઈષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ સળંગ પ્રવચન નં. ૧૯ ]

શિષ્ય પ્રશ્ન પૂછે છે કે—પ્રભુ ! આપે કહ્યું કે આ જગતમાં મોક્ષાર્થીને—હિતાર્થીને એક આત્મા જ ધ્યાન કરવાલાયક છે. તો એ આત્મા કેવો છે ? તેનું શું સ્વરૂપ છે ? એ મને કૃપા કરીને સમજાવો.

શિષ્યના આ પ્રશ્નનો અહીં ઉત્તર આપવામાં આવ્યો છેઃ—

નિજ અનુભવથી પ્રગટ જે, નિત્ય શરીર પ્રમાણ,
લોકાલોક વિલોકતો, આત્મા અતિસુખવાન. ૨૧.

પ્રથમ જ લોકાલોકને જાણવાની આત્માની શક્તિને સિદ્ધ કરે છે. આ જગતમાં ૧૪ રાજલોક અને ખાલી અનંત અલોક છે તેને સાક્ષાત્ જાણવાની શક્તિ એક આત્મપદાર્થમાં જ છે. પોતાની સત્તા ઉપરાંત બીજી પણ જગતમાં અનંત સત્તા છે—અનંત પદાર્થો છે તેનો આ આત્મા જાણનાર છે. લોકાલોકને આત્મા જાણે–સ્વીકારે પણ લોકાલોકને આત્મા બનાવે કે તેમાં ભળી જાય એ આત્માના સ્વરૂપમાં જ નથી. રાગનું કરવું કે પરનું કરવું કે પરથી પોતાનું કામ થવું એ આત્માના સ્વરૂપમાં છે જ નહિ. અરે ! લોકાલોક છે માટે તેનો જાણનાર છે એમ પણ નથી લોકાલોકને જાણવાનો આત્માનો સ્વતઃ સ્વભાવ છે.

અહીં ૨૦ મી ગાથામાં આચાર્યદેવે આત્માને ચિંતામણિ કહીને વર્ણવ્યો અને તેનું ધ્યાન કરવાયોગ્ય કહ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન ઉઠયો કે એ આત્મા છે કેવો ? તેથી મુનિરાજ કહે છે કે આત્મા લોકાલોકના જ્ઞાન જેવડો છે પણ લોકાલોકને કારણે નહિ, પોતાના સ્વતઃ સ્વભાવથી લોકાલોકને જાણનારો છે. આહાહા ! સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત કયાં હોઈ શકે ? આત્માનો જ્ઞાનસ્વભાવ, તે કોને ન જાણે ! બધાંને જાણે !

આત્મા અનંત સૌખ્યવાન્ સુખસ્વભાવી છે. જ્ઞાન તો લોકાલોકપ્રમાણ છે પણ સુખ કેટલું ? તો કહે અત્યંત સુખ છે. જે સ્વભાવ છે તેને હદ શી ? આત્મા નિત્ય આનંદસ્વરૂપ છે. પર્યાયમાં વિકૃત ભાવ કરીને જીવ દુઃખી થાય છે પણ એ તો પર્યાયમાં છે. સ્વભાવમાં દુઃખ નથી. સ્વાભાવિક અનંત આનંદની સત્તાને ધરનારો આત્મા છે.

વળી કોઈ કહે કે આટલું બધું જ્ઞાન અને બેહદ આનંદ આત્મામાં છે તો આત્માની ક્ષેત્ર વ્યાપકતા કેટલી હશે ? લોકપ્રમાણ હશે ?

તેને કહે છે આત્માની શક્તિને ક્ષેત્રની અમાપતાની જરૂર નથી. ભાવ અમાપતાની જરૂર છે. આત્માનું ક્ષેત્ર તો શરીરપ્રમાણ જ છે. માટે ધ્યાનમાં શરીર જેટલાં આત્માના ક્ષેત્રમાં જ એકાગ્ર થવાનું છે. તેમાં આખું સ્વરૂપ સમાય જાય છે. અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા શરીરપ્રમાણ પહોળો છે એટલા ક્ષેત્રમાં બેહદ જ્ઞાન–આનંદનો ભંડાર છે. અચિંત્ય શક્તિવાન છે.

આત્મા નિત્ય છે, વિનાશિક નથી. અનંત જ્ઞાન અને અનંત સુખ તેનો સ્વભાવ છે, શરીર પ્રમાણ પહોળો છે તથા સ્વસંવેદન પ્રત્યક્ષ છે. પોતાના જ્ઞાનની પર્યાયથી વેદવા લાયક છે. પોતાના જ્ઞાનમાં અનુભવગમ્ય થાય એવું જ આત્માનું સ્વરૂપ છે. રાગ અને નિમિત્તથી જણાય એવું તેનું સ્વરૂપ જ નથી. આવા આત્માના સ્વરૂપને જાણ્યા વગરનું ધ્યાન તે સસલાના શીંગડા જેવું છે. આત્માના સ્વરૂપને જાણ્યા પછી રાગ કે પાંચ ઇન્દ્રિય કે મનના અવલંબન વગર સીધો જ્ઞાનની પર્યાયમાં અનુભવમાં આવે એવો આત્માનો સ્વભાવ છે. આવા વસ્તુના સ્વરૂપને યથાર્થ જાણ્યા વગરનું ધ્યાન તે ધ્યાન જ નથી.

જુઓ, આ ઇષ્ટ ઉપદેશ! પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા થઈને અનુભવ કરી શકે એવી શક્તિનું સત્ત્વ છે. જ્ઞેય થવા માટે કે જ્ઞાતા થવા માટે બીજાની જરૂર પડે એવું પરાધીન વસ્તુનું સ્વરૂપ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો-જાણ્યો તેવો જ કહ્યો છે. ભગવાન આ હરખજમણ જમાડે છે ભાઈ! તું હરખ લાવીને તારા સ્વભાવનો વિશ્વાસ કરી જ્ઞાનનો દોર તેમાં બાંધ. પરમાં ક્યાંય હરખ લાવવા જેવું નથી. પોતે પોતાનું સ્વરૂપ સમજી, મહિમા લાવી તેમાં ઠરી જવા જેવું છે.

જ્ઞાન, આનંદ, પ્રભુત્વ, વિભુત્વ, પ્રકાશ, સ્વચ્છત્વ આદિ અનંત ગુણોનો પિંડ આત્મા પોતાના જ ભાવ એટલે પર્યાય દ્વારા જણાય છે. ભાવ દ્વારા જ ભાવવાન જણાય એવું એનું સ્વરૂપ છે. અહીં ભાવ એટલે પર્યાય સમજવી. પોતે જ જ્ઞાતા થઈને પોતાને જ્ઞેય બનાવી અનુભવ કરે તેમાં તેને કોઈની સહાયની જરૂર નથી. પોતાની પર્યાય સીધી સ્વસંવેદન કરે છે. સીધી એટલે વિકલ્પ કે રાગાદિની સહાય વગર સીધી આત્માને ગ્રહણ કરી લે છે, આ જ અનુભવની વિધિ છે, તેમાં કાંઈપણ ફેરફાર માનશે તો આત્માનો પત્તો નહિ લાગે.

પૂજ્યપાદસ્વામીએ ઢંઢેરો પીટીને ઈષ્ટોપદેશ જગતની સામે જાહેર કર્યો છે. આ કાંઈ ગુપ્ત રાખવાની ચીજ નથી, વ્યવહારની રુચિવાળાને પૂજ્યપાદસ્વામી કહે છે કે વ્યવહાર વડે આત્મા નહિ પમાય, તેના વડે તારી મોટપ તને લક્ષમાં નહિ આવે અને ત્યાં સુધી વીર્ય અંદરમાં નહિ વળે. આહાહા!...ભારે વાત!

પર ચીજથી ધર્મ થાય એ વસ્તુના સ્વરૂપમાં જ નથી.

અહીં તો આઠ વર્ષની બાલિકા હોય કે ૧૦૦ વર્ષની ડોશી હોય કે મોટો અમલદાર હોય, બધાનો આત્મા આવો છે. શરીરમાં બધાને ભલે ફેરફાર છે પણ આત્માને શરીર સાથે કાંઈ સંબંધ નથી.

આત્માને લોકાલોકનો જાણનાર કહ્યો પણ લોક એટલે શું? તો કહે છે લોક એટલે જેમાં અનંત જીવો, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, અસંખ્ય કાળાણુઓ અને લોકાકાશથી ભરેલો છે તે લોક. આ છએ દ્રવ્યો જ્યાં રહે છે તે લોક અને તે સિવાયનું ખાલી આકાશ તે બધું અલોક છે. છ દ્રવ્યોથી ભરેલું જ લોકનું અસ્તિત્વ છે અને જ્યાં બીજા દ્રવ્યોનો અભાવ છે તેવું અનંત–અમાપ આકાશ તે અલોકાકાશ છે. આવું આ અલોકાકાશ અને એ સિવાયના છ દ્રવ્યોને તેના ભેદ-પ્રભેદ સહિત, ગુણ-પર્યાય સહિત જાણવાનો આત્માનો સહજ સ્વભાવ છે.

જીવોને અધ્યાત્મશાસ્ત્રોનું વાંચન નહિ અને વ્યવહારના શાસ્ત્રોનો રસ ઘણો, પણ તેમાં આત્મતત્ત્વ હાથ નહિ આવે. અરે! જીવને પોતાના તત્ત્વનું માહાત્મ્ય કેવું છે તેનું ભાન નથી.

બહારના સાધનથી આત્મા સમજાય એવો નથી. પોતાના જ જ્ઞાનથી બધાંની સત્તાને જાણે એવો આત્માનો સ્વતઃ સ્વભાવ છે. લોકાલોક છે માટે તેને જાણે છે એમ પણ નથી. જાણવાનો સહજ પોતાનો સ્વભાવ છે. તેને જો કાઢી નાખીશ અથવા પરથી જાણવાનો સ્વભાવ માનીશ તો તારું અસ્તિત્વ જ નહિ રહે, આત્મા જ નહિ રહે.

અરે પ્રભુ! ઘરના પાંચ માણસની જાણકારી રાખવામાં પણ કેટલી ઉપાધિ રહે તો આખા લોકાલોકને જાણવામાં કેટલી ઉપાધિ? અરે ભાઈ! એ ઉપાધિ જાણવાથી નથી. રાગ કરવાથી ઉપાધિ છે, જાણવાથી નહિ. જીવને વસ્તુના સ્વરૂપની જ ખબર નથી. જાણવું એ તો સ્વભાવ છે તેમાં ઉપાધિ શું? અનંત પદાર્થોને જાણવા એ ઉપાધિ નથી પણ એ તો આત્માનો નિરૂપાધિ સ્વભાવ છે.

જાણવામાં ઉપાધિ લાગે છે, તેને આત્માના જ્ઞાનગુણના સામર્થ્યની જ ખબર નથી. યોગદર્શનમાં કહે છે કે બુદ્ધિ અને સુખ જેનામાં નથી તે આત્મા છે. તેની આ વાત અહીં ખંડિત થાય છે. બુદ્ધિ અને સુખ જેનામાં છે તે જ આત્મા છે. જુઓ! આત્મા ....આત્મા...તો બધાં ધર્મોવાળા કહે છે પણ આત્મા કેવો અને કોણ તેની કોઈને સાચી ખબર નથી. પોતાની પુંજી કેટલી છે તેની જેને ખબર નથી એવા બેખબરાને આત્મા હાથ નહિ આવે.

ભગવાન આત્મા અનંત સુખસ્વરૂપ છે. જેમ ચોકીમાં મોહનથાળ ઢાળે છે તેમ

પ્રભુ! તારા આત્માની અસંખ્ય પ્રદેશી ચોકીમાં અનંત આનંદના ઢાળા ઢળેલાં છે. તેમાં એકાગ્રતાના ભાવથી તેને અનુભવવો એ તારી તાકાત છે. ભાઈ! કરવા જેવું તો આ છે. અસંખ્યપ્રદેશી ચોકીમાં કળદાર આનંદના ઢાળા ઢળ્યા છે કે જેમાં દુઃખની ગંધ નથી, રાગનો સ્પર્શ નથી અને શરીરનો સંબંધ નથી. તારે સુખી થવું હોય તો આવા આત્માને અનુભવમાં લે!

વિકલ્પ એ તો સંયોગીભાવ છે. સંયોગીભાવે સ્વભાવભાવ જાગૃત થાય એમ ન બને. અનંત અનંત બેહદ આનંદ જેનો સ્વતઃ સ્વભાવ છે તેમાં દુઃખ દેખાય છે એ તો ક્ષણિક છે. આવું વસ્તુસ્વરૂપ બતાવીને, વસ્તુમાં આનંદ નહિ માનનારા સાંખ્યમતનું ખંડન કર્યું છે.

ફરી કહે છે પોતાની લાયકાત પ્રમાણે જે શરીર મળ્યું છે તે શરીરપ્રમાણ આત્મા છે. શરીરપ્રમાણ હોવા છતાં શરીરથી પોતે જુદો છે. અરે પ્રભુ! તેં તારું નિજઘર જોયું તો નહિ પણ પોતાના ઘરની સંતો મહિમા કરે છે તે સાંભળી પણ નહિ! પછી આત્માનું હિત કરશું...પછી કરશું....પછી કરશું...કરતો રહ્યો અને ભવ પૂરો થઈ ગયો. શરીર પલટે, કર્મ પલટે, પુણ્ય-પાપના ભાવ પલટે, રાગ-દ્વેષ પલટે પણ વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે તે દ્રવ્યસ્વભાવ કદી પલટતો નથી. એવા તારા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કર તો ભવના અંત આવે.

આ ગાથામાં આત્માને લોકાલોકનો જાણનાર કહેતાં યોગદર્શનનું ખંડન થયું, અનંત સૌખ્યવાન કહેતાં સાંખ્યમતનું ખંડન થયું. આત્માને શરીર પ્રમાણ કહેતાં આત્માને વડના બીજ જેવડો અત્યંત નાનો માનનાર-વટકણિકામાત્ર માનનારાઓની વાતનું ખંડન થયું તથા આત્માને નિત્ય કહેતાં એક ભવ પૂરતો આત્માને માનનાર ચાર્વાકમતનું ખંડન થયું. હવે સ્વસંવેદનની વ્યાખ્યા આગળની ગાથામાં કહેશે.

(-ક્રમશઃ)

—※—

*** સુખી થવું હોય તો સત્ જેમ છે તેમ તારી શ્રદ્ધા રાખજે ***

**સતીઆ સત્ નવ છોડીએ, સત્ છોડીયે સત્ જાય.**

એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ્ સત્ છે. દરેક પર્યાયનો ઉત્પાદ પોતાથી સત્ છે. એ સત્ પર્યાયને આડી-અવળી કરીશ નહિ. બીજાથી સત્ પર્યાયનો ઉત્પાદ થાય તેમ માનીશ નહિ. જે પર્યાયનો ઉત્પાદ થાય છે તે પૂર્વ પર્યાયના વ્યયથી—અભાવથી થાય છે પણ નિમિત્તથી ઉત્પાદ થતો નથી. ભાઈ! સુખી થવું હોય તો સત્ જેમ છે તેમ તારી શ્રદ્ધા રાખજે. આહાહા! આવી સ્વતંત્રતાની વાત જૈનદર્શન વિના બીજે ક્યાંય નથી.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# * તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ *

આત્માને મેળવવાનો જેને દઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. સદ્‌ગુરુનાં ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવા રહસ્યોથી ભરપૂર વાકયોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. ૩૮.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં, મારે એક આત્મા જ જોઈએ એવો દઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરુ આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ એવો દઢ નિશ્ચય થવો જોઈએ. આવો જેને દઢ નિશ્ચય હોય તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. પુરુષાર્થ વિના પ્રાપ્તિ નથી. ક્રમબદ્ધ પ્રમાણે જ આત્મા પ્રાપ્ત થશે. પરંતુ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધની સાચી શ્રદ્ધા થાય છે. ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને બીજી વાત એ કે એક દ્રવ્યની પર્યાયને પરની સાથે કાંઈ સંબંધ નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. કર્મ આત્માને સ્પર્શતા નથી. આત્મા શરીરને સ્પર્શતો નથી. આહાહા!

અનંત દ્રવ્યની વચ્ચે રહેલું છતાં એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી— એવી દૃષ્ટિ થતાં દૃષ્ટિ દ્રવ્યમાં જ જશે. એ દૃષ્ટિ પણ તેના જવાના કાળે જ દ્રવ્ય તરફ જશે, ક્રમબદ્ધ જ છે, પરંતુ પુરુષાર્થ કરે ત્યારે ને! ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થ છે. ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં અને જે દ્રવ્યની જે પર્યાય જે કાળે જે થવાની હોય, તે જ થાય. આઘી-પાછી ન થાય—એવા સદ્‌ગુરુના ગંભીર ને મૂળ વસ્તુસ્વરૂપને સમજાવનારા રહસ્યોથી ભરપૂર વાકયોનું સાચો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. જ્ઞાનીના ગંભીર વાકયો સાંભળીને ખરો આત્માર્થી ઊંડું મંથન કરે.

શુભ ભાવથી ધર્મ થાય નહીં તથા અબદ્ધ આદિના વિકલ્પો પણ દુઃખરૂપ

છે—એવા જ્ઞાનીના ગંભીર વાકયો સાંભળીને તે મુમુક્ષુ ઊંડું મંથન કરે છે ને મૂળ માર્ગને શોધી કાઢે છે. મંદિર આદિ બને છે તેનો કર્તા તો આત્મા નથી, પણ બનાવવાનો જે ભાવ છે તે શુભરાગ છે, શુભરાગ છે તે દુઃખ છે. આચાર્યદેવે કડક ભાષામાં એ ઠેકાણે કહ્યું છે કે એ ભાવમાં પુરુષાર્થ કરે છે તે ક્લીબ નપુંસક છે. કેમ કે આત્મામાં વીર્ય નામનો ગુણ છે, એ વીર્ય ગુણ પોતાના જ્ઞાન, આનંદ, શાંતિ આદિની રચના કરે; તેના બદલે શુભભાવ કરે તે નપુંસક છે. કેમ કે શુભભાવમાં જ્ઞાન, આનંદ, શાંતિ આદિ ધર્મની પ્રજા ઉત્પન્ન થતી નથી માટે એ ભાવ કરે છે તે નપુંસક છે. આત્માની ધર્મપ્રજા પ્રગટ કરે તે વીર્યવાન છે—આવા ગંભીર વાકયો સાંભળીને ખરો મુમુક્ષુ ખૂબ ખૂબ મંથન કરે. એક આંગળી બીજી આંગળીને અડતી નથી—એવા વાકયને સાંભળીને ખરો મુમુક્ષુ ઊંડું મંથન કરે. અજ્ઞાનીની દૃષ્ટિ સંયોગ ઉપર છે તેથી તેને એમ લાગે કે અગ્નિ આવી માટે પાણી ગરમ થયું. જ્ઞાની એમ જાણે છે કે પાણીના પરમાણુની સ્પર્શગુણની પર્યાય શીતળમાંથી ઉષ્ણરૂપે પરિણમી તે તેના સ્વકાળે તેના પોતાથી ઉષ્ણરૂપે પરિણમી છે. અગ્નિ નિમિત્ત ભલે હો, પણ નિમિત્તથી કાંઈ થતું જ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું જ નથી. વીંછી શરીરને ડંખ મારતો જ નથી. વીંછી ભિન્ન છે ને શરીરમાં જે બળતરા થઈ તે ભિન્ન છે. વીંછી વીંછીમાં રહ્યો ને શરીર શરીરમાં રહ્યું.

જ્ઞાનીના આવા રહસ્ય ભરપૂર વાકયો સાંભળીને ખરો મુમુક્ષુ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે.

—o—

## * એક વાર કુતૂહલ તો કર! *

શરીર-ધન-મકાન આદિ અનુકૂળતાં દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબઘર છે તેનું કુતૂહલ તો કર! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા-આટલા વખાણ ને મહિમા કર્યો છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો! તેને દેખવા- અનુભવવાનું કુતૂહલ તો કર! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકુળ યોગમાં એકવાર કુતૂહલ તો કર!—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

—o—

## * વૈરાગ્યજનની : બાર ભાવના *

શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

આ બાર ભાવનાનો અધિકાર છે.

ધર્મી જીવ સંસાર ભાવનાનો વિચાર કરે છે. સંસાર તે વિકાર છે ને દુઃખરૂપ છે અને અંતરમાં મારો સ્વભાવ ત્રિકાળ આનંદદાયક છે-એમ જેને ભાન થયું છે ને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે-એવો જીવ સંસાર ભાવનાનો યથાર્થ વિચાર કરી શકે છે. સુખદાયક આત્માની દૃષ્ટિ થઈ હોય તે જ દુઃખદાયક સંસારનો વિચાર કરી શકે છે. અંતરમાં જેને શુદ્ધ સ્વભાવનો ભરોસો આવ્યો છે ને પર્યાયમાં હજી કાંઈક રાગ પણ છે, તે એમ વિચારે છે કે અહો! આત્માની પર્યાયમાં થતો વિકાર, તેનાથી બંધાતું કર્મ અને તેના નિમિત્તે મળતો સંયોગ-તેમાં મારું સુખ નથી, વિકાર કે સંયોગ તરફના વલણને દુઃખરૂપ જાણીને અને સ્વભાવને સુખદાયક જાણીને ધર્મી જીવ સ્વભાવમાં એકાગ્રતા વધારતો જાય છે, તે જ ખરી સંસાર ભાવના છે.

ધર્મી એમ વિચારે છે કે આ સંસારમાં વેરી પણ પુણ્ય કર્મના ઉદયથી મિત્ર થઈ જાય છે. આત્માના વિકલ્પને લીધે સામો જીવ મિત્ર કે શત્રુ થતો નથી. પણ તે તો સંસારની વિચિત્રતા અનુસાર બને છે. અહીં જરાક દ્વેષ પરિણામ હોય છતાં સામો જીવ અનુકૂળતાથી વર્તે; અને પોતે સામા જીવને અનુકૂળતાનો ભાવ કરે છતાં સામો જીવ દ્વેષ ભાવે વર્તે; પુણ્ય-પાપ અનુસાર તેવો સંયોગ બને છે. પૂર્વના પુણ્યપરિણામથી જે કર્મ બંધાયું તેના ફળમાં જે અનુકૂળ સંયોગ મળ્યો, તે વખતે ધર્મીને અંદરમાં સ્વભાવની અનુકૂળતા વર્તે છે. એટલે કે સ્વભાવની રુચિ અને ભાવના પ્રગટી છે તેથી બહારના સંયોગમાં સુખબુદ્ધિ થતી નથી; તે જ જીવને સંસારભાવના હોય છે.

વળી ધર્માત્માને બહારમાં પાપનો ઉદય થતાં મિત્ર પણ શત્રુ થઈ જાય છે. છઠ્ઠા ગુણસ્થાને ઝૂલતા મહા ધર્માત્મા મુનિ હોય, તેમને તો કોઈ ઉપર દ્વેષ ન હોય, છતાં કોઈ દેવ આવીને વેર બુદ્ધિથી તેમને ઉપાડીને દરિયામાં ફેંકે અથવા પર્વત ઉપર પછાડે. ત્યાં બહારમાં પ્રતિકૂળતા આવી તે બહારનો સંયોગ છે. મુનિ તો જાણે છે કે હું તો જ્ઞાનસ્વરૂપી છું. ધર્મીને એમ વિચાર આવે કે અરે! આ સંસારની વિચિત્રતા જ એવી છે કે હું અનુકૂળતા રાખવા માગું છતાં સામો જીવ શત્રુ થઈ જાય. એ મારા પરિણામનું કાર્ય નથી. સંયોગ આધીન થયેલા જીવો દુઃખી છે, ને સ્વભાવ આધીન જીવો જ સુખી છે. સ્વભાવને ચૂકીને જે જીવો સંયોગાધીન થાય છે તે જીવો

દુઃખી જ છે. સુખદાતાર ચૈતન્યનું જેને અવલંબન વર્તે છે તે જ જીવ સંસારને દુઃખદાયકપણે વિચારી શકે છે. કોઈ પણ સંયોગને આધીન જેની બુદ્ધિ છે તે જીવ સંસારને ખરેખર દુઃખદાયક માનતો નથી. જેને સ્વભાવ આધીન સુખ પ્રગટ્યું છે તે જ જીવ સંસારને દુઃખદાયક જાણીને, સંસાર ભાવના ભાવતા ભાવતા પોતાના સ્વભાવમાં એકાગ્રતા વધારતો જાય છે.

હવે દેવગતિના દુઃખોનું વર્ણન કરે છે.

अथ कथमपि भवति देवः तस्य च जायते मानसं दुःखं ।
दृष्ट्वा महर्द्धिनां देवानां ऋद्धिसम्प्राप्ति ॥ ५८ ॥

અર્થઃ—અથવા (કદાચિત્) મહાન કષ્ટથી દેવપર્યાય પણ પામે તો ત્યાં તેને મહાન ઋદ્ધિ ધારક દેવોની ઋદ્ધિસંપદા જોઈને માનસિક દુઃખ ઉત્પન્ન થાય છે. ૫૮.

જુઓ, આ મિથ્યાદૃષ્ટિ જીવોનાં દુઃખનું વર્ણન છે. તેથી તેનાં પુણ્યને પણ મહાન કષ્ટ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને એકાદ ભવ હોય ને અલ્પ રાગ હોય તેની અહીં વાત નથી. જ્ઞાયક ચૈતન્યસ્વભાવનું જેને ભાન નથી તેને પુણ્યમાં પણ મહાકષ્ટ છે. તે દયા–દાન–વ્રત–તપ જે કરે તે બધું ક્લેશરૂપ છે, અંદર સહજ સ્વભાવનું ભાન નથી એટલે બહારમાં ઉપવાસાદિ કરે તેમાં તેને બોજો છે, એકલા રાગનો ભાર છે. તેવા જીવો મહાકષ્ટથી દેવપણું પામે તો ત્યાં પણ તેઓને બીજા મોટા દેવોની વિશેષ ઋદ્ધિ દેખીને મનમાં દુઃખ થાય છે.

અહીં "दट्ठुणं" એમ કહ્યું છે, ધર્મીને તો અંદરમાં ચૈતન્યમૂર્તિ આત્મા પ્રત્યક્ષ છે, મિથ્યાદૃષ્ટિ તો એકલા સંયોગને જ દેખે છે. ચૈતન્યની ઋદ્ધિ તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ નથી. રાગ અને મનના અવલંબન વગર જ્ઞાન વડે જાણવું તે પ્રત્યક્ષ છે. ધર્મીએ પોતાના આત્માને જ્ઞાનમાં પ્રત્યક્ષ કર્યો છે તેથી બહારમાં સંયોગની ઋદ્ધિ કોઈને વધારે દેખીને પણ તેને દુઃખ થતું નથી. કેમ કે તેને તો પોતાના અંતરમાં સદા ચૈતન્ય-ઋદ્ધિની વૃદ્ધિ જ દેખાય છે.

ધર્મી તો પોતાની ચૈતન્યસંપદાને પ્રત્યક્ષ જાણતો થકો, પરને જાણે છે, એટલે સંયોગમાં પોતાના કરતા વધારે ઋદ્ધિ બીજાને દેખીને પણ તેને દુઃખ થતું નથી. અજ્ઞાનીને તો બહારમાં પર જ દેખવાનું છે. સ્વ વિષય તો તેની દૃષ્ટિમાં આવ્યો નથી. ધર્મીને સ્વવિષયની દૃષ્ટિ અને મહિમા પ્રગટ્યો છે એટલે બહારમાં થોડા સંયોગ હો કે વધારે સંયોગ હો તે દેખવામાં તેને ફેર પડતો નથી. એટલે તેને ચૈતન્યની ભાવના છૂટીને દુઃખ થતું નથી.

અહો! દેવપર્યાયમાં પણ સંયોગાધીન દૃષ્ટિવાળો જીવ દુઃખી છે. આવી ભાવના ભાવનાર ધર્મીને પોતાને સંયોગ દૃષ્ટિ હોતી નથી. સ્વભાવનું સુખ જેને ભાસ્યું છે તે જીવ દેવલોકનાં સુખને પણ દુઃખપણે જાણે છે. જે જીવ દેવના દુઃખને વિચારે છે તેને દેવનો સંયોગ જેનાથી મળે એવાં પુણ્યની રુચિ હોય નહિ. તે આત્માને પ્રત્યક્ષપણે જાણે છે ને પરને તો અનુમાનથી દુઃખો નક્કી કરે છે. સ્વભાવનું અંશે પ્રત્યક્ષ જ્ઞાન થયું તે એમ જાણે છે કે આ રાગ દુઃખદાયક છે. રાગ ટળીને જ્ઞાનની પૂર્ણતા થાય તેમાં પૂર્ણ સુખ છે.

દેવગતિ પણ દુઃખદાયક છે-એમ ભાવના ભાવનારે પોતાના મૂળ સ્વભાવને દેખ્યો છે. જ્ઞાનનો પ્રત્યક્ષ અંશ પ્રગટ્યો છે ને રાગને દુઃખદાયક જાણ્યો છે, તેને બીજા દેવોની વિશેષ ઋદ્ધિ દેખીને દુઃખ થતું નથી. અજ્ઞાની તો સંયોગને જ દેખનારો છે, તેથી બહારમાં બીજાને વધારે સંયોગ દેખતાં તેને અંદર આકુળતા થાય છે, પણ પુણ્ય અને પુણ્યના ફળથી રહિત ચૈતન્યસ્વભાવની ઋદ્ધિનું જેને ભાન પ્રગટ્યું છે એવો જીવ પુણ્ય કે પુણ્યનાં ફળ બન્નેને હેય જાણે છે, માટે ઓછા સંયોગ કે વધારે સંયોગ-તેને કારણે ધર્મીને ચિંતા થતી નથી, એવો ધર્મી જીવ સંસાર ભાવના ચિંતવીને પોતાની વીતરાગતાને વધારે છે.

શરીરમાં છેદન-ભેદન વગેરે પ્રતિકૂળતા થાય તે ખરેખર દુઃખ નથી, પણ સંયોગ તરફની લાગણીથી માનસિક ચિંતા કરે છે તેનું દુઃખ છે. તે જ પ્રમાણે સ્વર્ગમાં બહારની અનુકૂળતા હોય-તેથી કાંઈ સુખ નથી, ત્યાં પણ સંયોગ તરફના વલણવાળો જીવ માનસિક ચિંતાથી દુઃખી જ છે.

જેને સ્વભાવની દૃષ્ટિ નથી, રાગ વગરનું જ્ઞાન પ્રગટ્યું નથી ને બહારમાં પુણ્ય અને પુણ્યફળની મીઠાશ છે તે જીવ બહારમાં બીજા પાસે પોતાના કરતાં વધારે ઋદ્ધિનો સંયોગ દેખતાં મનમાં આકુળતાથી દુઃખી થાય છે. તેને આખા જગતની ઋદ્ધિનો સંયોગ લેવાની ભાવના છે. અંદર આખી ચૈતન્યઋદ્ધિ છે તેનું તેને ભાન નથી એટલે બહારમાં સંયોગ વધારે લેવા માગે છે.

મુનિવરો ભાવના ભાવે છે કે અહો! બારમાં દેવલોકનો ભવ હો કે પહેલાં દેવલોકનો ભવ હો- એ બન્ને ભવ જેનાથી મળે તે ભાવ જ દુઃખદાયક છે. સંયોગમાં તો સુખ નથી ને સંયોગ તરફની લાગણીમાં પણ સુખ નથી. સુખરૂપ તો મારો આનંદ કંદ સ્વભાવ છે- આવી દૃષ્ટિમાં ધર્મીને સંયોગ દેખીને દુઃખ થતું નથી. જે જીવ સ્વભાવને આધીન નથી તે જીવ સંયોગાધીન ભાવથી દુઃખી જ છે. સંસાર એટલે સંયોગ તરફનું વલણ તેમાં ક્યાંય સુખ નથી.

અંદરમાં ચૈતન્યને ભાળતો નથી-દેખતો નથી એટલે બહારમાં સંયોગને જ દેખે

છે એટલે બીજાને વધારે સંયોગ દેખતાં તેને એમ થાય છે કે અરેરે! મેં પુણ્ય ઓછાં કર્યાં ને મને થોડી ઋદ્ધિ મળી! પણ એમ નથી વિચારતો કે 'મેં ધર્મ ન કર્યો.' જો ધર્મનો વિચાર કરે તો તો અંદરમાં વલણ થાય, ને સંયોગબુદ્ધિની આકુળતા છૂટી જાય. અહો! આખો સંસાર દુઃખદાયક! અંતર્મુખ સ્વભાવથી છૂટીને બહારમાં લાગણી જાય તે દુઃખ છે. સ્વભાવની અંતર્મુખ દશામાં જ સુખ છે– એમ ધર્મી જીવ ભાવના કરીને વૈરાગ્યને વધારે છે.

કોઈ ધર્મી જીવ સર્વાર્થસિદ્ધિમાં જાય ને બીજો સમકિતી પહેલાં સ્વર્ગે જાય—તો ત્યાં તે સમ્યગ્દષ્ટિને બીજાની ઋદ્ધિ દેખીને ઈર્ષા કે દુઃખ થતું નથી. કેમ કે ધર્મી જીવની દૃષ્ટિ અખંડ સ્વભાવ ઉપર છે. પર્યાયના ભેદ ઉપર પણ જેની દૃષ્ટિ નથી, તેને બહારના સંયોગની દૃષ્ટિ તો ક્યાંથી હોય? ઓછી– વધતી પર્યાય ઊઘડે તેના ઉપર પણ ધર્મીની દૃષ્ટિનું વજન ક્યાંથી હોય? એટલે તેને દુઃખ કે ચિંતામાં અટકવાનું થતું નથી. સંયોગ ઓછા વધતાં દેખીને અજ્ઞાની જીવને દુઃખ થાય છે. ધર્મીને અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે, ત્યાં ત્રણ કાળના જીવોની હીનાધિક પર્યાય, ઓછા–વધતાં પુણ્ય કે ઓછા–વધતાં સંયોગ–એ કોઈ ઉપર ધર્મીની દૃષ્ટિની મુખ્યતા નથી. એટલે તેને બીજાને વધારે સંયોગ દેખીને ઈર્ષા હોતી નથી. તેને પુણ્યમાં કોઈ મોટો હોય તો ત્યાં પુણ્યનું કે સંયોગનું બહુમાન આવતું નથી પણ ધર્મીનું બહુમાન આવે છે.

જેને ત્રિકાળી ચૈતન્યઋદ્ધિની દૃષ્ટિ અને બહુમાન થયું છે તેને વર્તમાન પર્યાયની હીનતા કે અધિકતા દેખીને પર્યાયબુદ્ધિથી ખેદ થતો નથી, તેમ જ ભૂત કે ભવિષ્યની પર્યાયની હીનતા–અધિકતામાં પણ ખેદ થતો નથી, અને એ જ પ્રમાણે પુણ્યમાં કે સંયોગની હીનાધિકતામાં પર્યાયબુદ્ધિથી ખેદ થતો નથી. અજ્ઞાની જીવ વર્તમાનને દેખીને ત્રિકાળીને ભૂલે છે ને ધર્મી તો ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ રાખીને ત્રિકાળી સાથે વર્તમાનની સંધિ કરે છે. મૂળ સ્વભાવની દૃષ્ટિ વગર અજ્ઞાની જે કાંઈ કરે તે તો બધું "આકાશમાં ઝાડ ઉગાડવા" જેવું છે.

જુઓ, આ ભાવના! સ્વભાવ દૃષ્ટિપૂર્વકની આ ભાવનાઓ છે. પૂર્ણ ઋદ્ધિસંપન્ન ચૈતન્ય ભગવાન આત્મા છે, તેની જેને દૃષ્ટિ થઈ છે તેવા સમ્યગ્દષ્ટિ ધર્માત્માને પર્યાયની હીનતા–અધિકતા કે શુભ–અશુભ દેખીને તેની મોટાઈ કે આશ્ચર્ય થતું નથી. છઠ્ઠા ગુણસ્થાને મુનિ વર્તતા હોય ને અશુભભાવ વર્તતો હોય, સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાને હોય ને તીર્થંકર નામકર્મ બંધાય એવો શુભભાવ હોય, ત્યાં તેવી વિચિત્રતા દેખીને ધર્મીને આશ્ચર્ય થતું નથી કેમકે તેને પર્યાયની બુદ્ધિ નથી, તેની દૃષ્ટિ અખંડ સ્વભાવ ઉપર પડી છે, તેથી બીજાને પુણ્યની અધિકતા કે સંયોગની અધિકતા દેખીને તેને ચિંતા કે દુઃખ થતું નથી. પોતાની નબળાઈના અલ્પ રાગનું દુઃખ હોય તેની અહીં

વાત નથી. ધર્મી જાણે છે કે પુણ્યથી કે પુણ્યનાં ફળથી મારી મોટાઈ નથી, મારી ચૈતન્યઋદ્ધિનું ફળ બહારમાં ન આવે. વધારે સંયોગ મળવો તે પુણ્યનું ફળ છે, પણ પુણ્ય જ હું નથી, હું તો અખંડ ચૈતન્યઋદ્ધિવાળો છું—એવી દૃષ્ટિમાં ધર્મીને બહારના સંયોગનું ઓછા-વધતાપણું દેખીને તેમાં મહિમા કે ખેદ થતો નથી.

એક સમ્યગ્દૃષ્ટિ દેડકું હોય ને બીજો સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી હોય, ત્યાં તે બન્નેને સંયોગમાં સુખની બુદ્ધિ નથી, બન્નેની દૃષ્ટિ સંયોગમાંથી ઊડી ગઈ છે. ચક્રવર્તીનો વધારે સંયોગ દેખીને તેને તેમાં મોટાઈ લાગતી નથી ને દેડકાને ચિંતા કે ખેદ થતો નથી.

સંયોગ મળવો તે તો પૂર્વનાં પુણ્યનું ફળ છે. આમ જેને પુણ્યતત્ત્વની પ્રતીત નથી તેને સ્વ-પરપ્રકાશક જ્ઞાનની પણ પ્રતીત રહેતી નથી. ઓછા પુણ્યમાં વધારે સંયોગ માને તો તેને પુણ્યતત્ત્વની પ્રતીત નથી. આ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં તો દ્રવ્યને લક્ષમાં રાખીને અદ્‌ભુત ભાવનાઓ વર્ણવી છે; તેમાં શાસ્ત્રકારની મુનિદશા સાક્ષાત્ દેખાય છે. દેવપણાની ઋદ્ધિ દેખીને જેને તેનો મહિમા આવે તે જીવ સમ્યગ્દૃષ્ટિ નથી પણ મૂઢ છે. અરે ભાઈ! તારે કોની ભાવના કરવી છે? સંયોગમાં એકાગ્ર થવું છે કે સ્વભાવમાં? જેને સ્વભાવની ઋદ્ધિનો મહિમા આવે તેને સંયોગનો મહિમા રહે નહિ.

લોકો જાણે કે બહારમાં ફેરફાર કરી નાખીએ તો બહારના સંયોગ ભેગા કરીને તેમાંથી સુખ મેળવી લઈએ, પણ અરે ભાઈ! તારું સુખ સંયોગમાં નથી. અરે! જુઓ તો ખરા! આ સર્વજ્ઞની વાણી! સંતોની રચના તો જુઓ! સર્વજ્ઞના માર્ગ સિવાય બીજાનો એક અક્ષર પણ સાચો નથી, બીજું તો બધુંય વિપરીત છે. સત્ય વાત સમજ્યા પહેલાં પણ ઓઘે ઓઘે તેનું બહુમાન કરીને જે હા પાડે છે, તે જીવને બીજી વિપરીતતાનો આદર કરનારા જીવો કરતાં તો ફેર પડયો છે. ભલે હજી સ્વ-ભાવની દૃષ્ટિ ન પ્રગટી હોય, પણ અસત્યનો આદર છોડીને સત્યનો આદર કર્યો તેનામાં પણ તેટલો તો ફેર પડયો છે કે નહિ? ભવનો અભાવ તો સ્વભાવની દૃષ્ટિ કરશે ત્યારે જ થશે પણ ત્યાર પહેલાં અસત્યનું પોષણ છોડીને સત્યના આદરનો ભાવ પણ જેને ન આવે તેને તો સ્વભાવમાં જવાની પાત્રતા પણ ક્યાંથી આવશે? અખંડ સ્વભાવની દૃષ્ટિ પ્રગટ્યા પહેલાં તેના બહુમાનપૂર્વક શ્રવણ-મનનનો ભાવ આવ્યા વગર રહેતો નથી. સત્યનો હકાર લાવીને તેનો આદરભાવ પણ જે પ્રગટ ન કરે તેને તો અંતર-સ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરવાનો અવસર પણ આવતો નથી.

( ક્રમશઃ )

## પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ :—

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧મી જન્મ-જયંતીના ઉપલક્ષમાં તા. ૩૦-૭-૮૪ થી તા. ૧૩-૮-૮૪—૧૫ દિવસ માટે રાખવામાં આવેલ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગમાં બે વર્ગ રાખવામાં આવ્યા હતા. પ્રથમ વર્ગમાં ૧૨૫ શિક્ષાર્થી તથા ઉત્તમ વર્ગમાં ૬૦ શિક્ષાર્થીઓએ શિક્ષણનો લાભ લીધો હતો. આ શિક્ષણવર્ગમાં સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ તથા ભીંડ, ભોપાલ, ઉદયપુર, ટીકમગઢ, રામનગર, પ્રતાપગઢ, સોનાગિરિ (ધૂલિયા), કોટા, ખેરાગઢ, ઇન્દોર, વિદિશા, ગુના, માંડવલા, મહીદપુર, મન્દસૌર, ગઢાકોટા, આગદ, ખંડેરી, આકોલા, મલકાપુર, હારુગિરિ (કર્ણાટક), અંગલોર, ખુરઈ, ગાડરવારા, ડુંગરપુર, જયપુર, આગરા, ખંડવા, શિવપુરી, રાઘૌગઢ, બીના, મદ્રાસ, મોહદ, બડૌત, બરખેડા, કુકરવાડા, સાગર, પુના, દમોહ, અભાના, કરેલી આદિ અનેક ગામોથી શિક્ષણાર્થી આવ્યા હતા. ઉત્તમ વર્ગમાં બ્ર. ચંદુભાઈએ અને બ્ર. વ્રજલાલભાઈએ તથા પ્રથમ વર્ગમાં પં. શ્રી ચિમનભાઈએ શિક્ષણ આપ્યું હતું.

**પર્યુષણપર્વ નિમિત્તે ધર્મ-પ્રભાવનાર્થે વિભિન્ન સ્થળે ગયેલાં વાંચનકારોની નામાવલિઃ—**

| | | | |
|---|---|---|---|
| ૧ હિંમતભાઈ ડગલી (વીંછીયા) | અમદાવાદ | ૧૮ શ્રી પ્રલ્હાદજી જૈન (મંદસૌર) | ગ્વાલિયર |
| ૨ હિંમતભાઈ જોબાલીયા (સોનગઢ) | મદ્રાસ | ૧૯ પં. દાતારામજી (શીવપુરી) | ઈટારસી |
| ૩ પ્રાણુભાઈ કામદાર (મુંબઈ) | સુરત | ૨૦ છગનલાલજી (લોહારદા) | મલકાપુર |
| ૪ બ્ર. વજુભાઈ (વઢવાણ) | ભાવનગર | ૨૧ અશોકકુમારજી (ખંડવા) | ઉન |
| ૫ શશીભાઈ શેઠ (ભાવનગર) | નાઈરોબી | ૨૨ ચીમનભાઈ મોદી (મલાડ) | ખંડવા |
| ૬ બ્ર. રમેશભાઈ (મલકાપુર) | જલગાંવ | ૨૩ સજનલાલજી (પ્રતાપગઢ) | દેપાલપુર |
| ૭ દીલીપકુમાર (બોટાદ) | સુરેન્દ્રનગર | ૨૪ રંગલાલજી (કુરાવડ) | ડબોક |
| ૮ સુમનભાઈ (મલાડ) | મોરબી | ૨૫ પ્રલ્હાદજી જૈન (મંદસૌર) | લશ્કર |
| ૯ છબીલભાઈ (સુરેન્દ્રનગર) | વાંકાનેર | ૨૬ વિજયકેસલજી (આરૌન) | ચોરઈ |
| ૧૦ પન્નાલાલજી (ગ્વાલિયર) | ભીંડ | ૨૭ અનીલકુમારજી પાટૌદી (બડનગર) | પથરીઆ |
| ૧૧ ધર્મદાસજી (બડૌત) | બીના | ૨૮ પં. શ્રી કોમલચંદજી | કેસલી |
| ૧૨ ડૉ. પ્રવીણભાઈ (રાજકોટ) | ઘાટકોપર | ૨૯ પં. શ્રી ચિંતામણીજી (મૌ) | આગ્રા |
| ૧૩ કપૂરચંદજી (સાગર) | ગંજબાસોદા | ૩૦ પદમચંદજી જૈન સર્રાફ | આગ્રા |
| ૧૪ પં. જ્ઞાનચંદજી સ્વતંત્ર | સીરોંજ | ૩૧ સુજાનમલજી મોદી (સોનગઢ) | લોહારદા |
| ૧૫ બ્ર. સંતોષકુમાર (વિદિશા) | બયાના | ૩૨ પં. શ્રી ગોવિંદરામજી (ખંડેરી) | કરેલી |
| ૧૬ બ્ર. જમકલાલજી (સોનગઢ) | કુંભરાજ | ૩૩ ચંપકલાલજી જૈન (મુંબઈ) | આરૂન |
| ૧૭ પં. દોલતરામ (રૂરેટા) | રાઘૌગઢ | ૩૪ નેમચંદભાઈ શાહ (ઘાટકોપર) | સાવરકુંડલા |

[ સુવર્ણપુરી સમાચાર...પેજ નં. ૩૧ થી ચાલુ ]

ફરી-એ જ ટ્રેઈનમાં પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી, સ્વાસ્થ્ય કમજોર હોવા છતાં પણ, યાત્રા સંઘ સાથે પધાર્યા. આ અકલ્પ્ય લાભથી આખો યાત્રા સંઘ સહસ્રાધિક મુમુક્ષુ સમુદાય-આનંદ વિભોર થઈ ગયો. ટ્રેઈનનું એંજિન તથા શેષ ૧૬ ડબ્બા-ખાસ તો પ્રથમ વર્ગના ડબ્બાની સજાવટ માઈક તેમજ બધા ડબ્બામાં સ્પીકરની સુવ્યવસ્થા આદિ અનેક નવી સુવિધાઓ રાખવામાં આવી હતી. પ્રાતઃ ૫ા વાગે આ 'કહાન-એક્સપ્રેસ' સ્પેશીયલ ટ્રેઈન સોનગઢ સ્ટેશન પર આવી ગઈ હતી. એન્જિન તથા અનેક ડબ્બા પર 'કહાન-એક્સપ્રેસ' (બહેનશ્રી-જન્મધામ-યાત્રાસંઘ-સોનગઢ-વઢવાણ), એવા મોટા મોટા ચાકળા તથા અશોકપર્ણના તોરણ લગાવ્યા હતા. બસ વ્યવસ્થા દ્વારા બધા યાત્રી આવી જતાં 'કહાન-એક્સપ્રેસ'ના આરક્ષક (ગાર્ડ) શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ, હડેગામવાળાએ (જેમણે ગાર્ડની બોલી લીધી હતી તેમણે) રજતપુષ્પમઢેલી સુશોભિત લીલી ઝંડી ફરકાવીને મંગળમય યાત્રાનો શુભારંભ કર્યો હતો. ગાડી ઉપડતાં જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ, સીમંધર ભગવાન, મહાવીર ભગવાન, પરમ પૂજ્ય ગુરુદેવ તેમજ મંગળયાત્રા આદિના જયજયકારથી વાતારણ આનંદિત થઈ ઉઠયુ હતું. વિવિધ ભક્તિ ગીતોથી યાત્રાપથ ટૂંકો બની ગયો હતો.

બોટાદ સ્ટેશન ઉપર શ્રી બોટાદ દિ. જૈન મુમુક્ષુ મંડળ દ્વારા પૂજ્ય બહેનશ્રીનો ભક્તિભાવ પૂર્ણ સત્કાર તેમ જ સમગ્ર યાત્રાસંઘ માટે દૂધ, ચા, તથા નાસ્તાનો સમુચિત સુંદર પ્રબંધ આદિ વિવિધ દ્રશ્યોની વિડિયો ટેપ જોવાથી જ પૂરો ખ્યાલ આવે છે. લીંબડી સ્ટેશન ઉપર ત્યાંના દિ. જૈન મુમુક્ષુ મંડળે પણ ભાવપૂર્ણ સત્કાર કર્યો હતો.

ગાડી વઢવાણ શહેર પહોંચ્યા પહેલાં ત્યાંના મુમુક્ષુમંડળના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ વોરા, શેષ કાર્યકર તથા સમગ્ર મંડળ બેન્ડ-વાજા સહિત ભવ્ય સ્વાગત માટે ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેશન પર પૂજ્ય બહેનશ્રીનું તથા સંઘનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બધા યાત્રીને મોટર તથા બસ દ્વારા જિનમંદિર લાવ્યા હતા.

અહા ! વર્ધમાનપુરીના હૃદયસ્થળમાં બનાવેલું અતિ ભવ્ય વિશાળ 'શ્રી વર્ધમાન-સ્વામી દિ. જિનમંદિર'! જોતાં જ મન થંભી જાય છે. શ્રી વર્ધમાનસ્વામીનું ગુલાબી સંગેમરમરનું વિશાળ ભવ્ય જિનબિમ્બ દર્શકના નેત્રોને પોતાની તરફ આકર્ષિત કરે છે. ઉપરની વેદીમાં શ્રી સીમંધર આદિ જિનેન્દ્ર ભગવંત તથા ભગવંત કુંદકુંદાચાર્ય દેવના ચરણ ચિન્હ આદિનાં દર્શન પણ ભક્તવૃન્દને આનન્દિત કરી દે છે.

મંદિર પહોંચ્યા બાદ પૂ. બહેનશ્રી સાથે બધાએ દર્શન-પૂજા કર્યા, ત્યાર બાદ પૂ. બહેનશ્રીએ શ્રી વર્ધમાનસ્વામીની એક ભાવવાહી ભક્તિ કરાવી. આ અલભ્ય લાભ મળવાથી બધાના હૃદયમાં આનંદ આનંદ આનંદ હતો.

સ્પેશિયલ ટ્રેઈન સિવાય મુંબઈથી તેમ જ મોટર, મેટાડોર તથા બસ દ્વારા

રાજકોટ, જામનગર, મોરબી, વાંકાનેર, અમદાવાદ, વડોદરા, આદિ અનેક ગામેથી અનેક યાત્રી આવ્યા હતા. લગભગ ૨૫૦૦ યાત્રી થઈ ગયા હતા. જમવાની સુંદર વ્યવસ્થા હતી.

બપોરના ત્રણ વાગ્યે આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા શાસ્ત્રપ્રવચન તથા પૂ. બહેનશ્રીના બાલ્યાવસ્થા તેમજ સાધનાવસ્થાના મધુર સંસ્મરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ૦ પંડિતજીએ શાસ્ત્ર પ્રવચનમાં ખૂબ જ સરળ તેમજ સાદી ભાષામાં પ્રયોજનભૂત તત્ત્વનું યથાર્થસ્વરૂપ, શુદ્ધાત્મદ્રવ્ય સામાન્યની મહત્તા વગેરે ગહન વિષયના મર્મને રોચક પદ્ધતિથી સમજાવ્યું. જેને શ્રોતાસંઘે મંત્રમુગ્ધ થઈને સાંભળીને પ્રશંસા કરી. મધુર સંસ્મરણની વાત પણ અતિ મધુર હતી. ત્યારબાદ પૂ. બહેનશ્રી જ્યાં ઉતર્યા હતા તે દિ. જૈનવાડીના વિશાળ હોલમાં એમના સમૂહદર્શન તથા અભિનન્દનપત્રની સમર્પણ વિધિ રાખી હતી. સાંજે પૂજ્ય બહેનશ્રીનું જન્મધામ તથા સાધનાધામ બન્ને પવિત્રભૂમિ જોવા સમસ્ત યાત્રાસંઘ ગયો હતો. રાત્રે ૮ા વાગ્યે સુવર્ણપુરી માટે 'કહાન-એક્સપ્રેસે' પ્રસ્થાન કર્યું હતું. આ રીતે પ્રશમમૂર્તિ ભગવતી માતાની રક્ષાછાયામાં આજનો રક્ષાબન્ધનપર્વ જન્મધામની મંગળયાત્રાના રૂપમાં અતિ આનન્દદાયી રહ્યો હતો.

ભાદરવા સુદ ૧ રવિવાર તા. ૧૨ ના દિવસે પ્રાતઃ પંચપરમેષ્ટિ મંડળ વિધાન-પૂજા તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન પછી શ્રી પંચમેરુ-નંન્દીશ્વરદ્વીપ જિનાલયની (ઉપરની) દિવાલમાં 'બહેનશ્રીનાં વચનામૃત'-ઉત્કીર્ણ સંગેમરમના ધવલ શિલાપટ લગાડવાની મંગળવિધિ થઈ હતી. પાંચ શિલાપટ લગાડવાની બોલી થઈ હતી. જેમાં મુમુક્ષુઓએ અતિ ઉત્સાહ બતાવ્યો હતો. તેની બોલીમાં રૂા. ૩૨૫૦૬ ની આવક થઈ હતી. બપોર પછી શાસ્ત્રપ્રવચન બાદ શ્રી જિનેન્દ્ર ભગવાન તથા ભગવતી જિનવાણી માતાની અતિ ભવ્ય રથયાત્રા નીકળી હતી. આ રથમહોત્સવ 'જન્મકલ્યાણક' જેવો અતિ મનોહર હતો. રજતનિર્મિત ગંધકૂટી પર બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવાનનો સમવસરણ વિહાર (હજારો મુમુક્ષુઓ સાથે), ધર્મધ્વજ તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટયુક્ત હાથીની રમ્ય સવારી, જિનવાણી તથા પૂ. બહેનશ્રીનાં ચિત્રપટયુક્ત બે બગી, અનેક ભજનમંડળી આદિ વિવિધતાથી સુશોભિત આ ભવ્ય રથમહોત્સવની શોભા નિરાળી હતી. ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, કાર્યવાહી-કમિટીના સભ્યો વગેરે બધાના હૃદય રથમહોત્સવમાં ભક્તિરસથી તરબોળ થઈ ગયા હતા. આ આનંદમય વાતાવરણ જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલમય ઉપસ્થિતીનો સંકેત કરતું હતું.

ભાદરવા સુદ બીજ— ૭૧મી જન્મજયંતીના દિવસે પ્રાતઃ ૫ વાગ્યાથી જિન-મંદિરમાં આનંદસૂચક ઘંટારવ ચાલુ થઈ ગયો હતો. પંચપરમેષ્ટિ મંડલ વિધાનપૂજાની વિધિપૂર્વક પરિસમાપ્તિ બાદ શ્રી પરમાગમ મંદિરના પ્રાંગણમાં બનાવેલ વિશાલ, ભવ્ય તથા

સુશોભિત મંડપમાં મુમુક્ષુજગતારણહાર પરમ પૂજ્ય ગુરુદેવનું 'બહેનશ્રીનાં વચનામૃત' પર વિડિયો ટેપ-પ્રવચન રાખવામાં આવ્યું હતું, જે ખૂબ જ સુંદર તથા મનમોહક હતું. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી હાવભાવ સાથે તત્ત્વની ગહન વાત તથા પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણ જ્ઞાન આદિ વિષય સાંભળવા-જોવા મળવાથી જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સ્વર્ગેથી સાક્ષાત્ પધારીને મુમુક્ષુઓને સમ્બોધિત કરે છે—એવો અનુભવ બધા શ્રોતાઓને થઈ રહ્યો હતો.

વિડિયો-પ્રવચન બાદ જન્મજયંતીના ઉપલક્ષમાં શ્રી હિંમતભાઈ ડગલીએ સમસ્ત મુમુક્ષુ સમાજ તરફથી તથા શ્રી પ્રાણભાઈ કામદારે "બહેનશ્રી ચંપાબેન જન્મજયંતી ઉત્સવ સમિતિ' તરફથી સુંદર તેમજ ભાવવાહી જન્મજયંતી અભિવાદન-વક્તવ્ય પ્રસ્તુત કર્યું" હતું. શ્રી પ્રાણભાઈ કામદારે પોતાના વક્તવ્યમાં સુંદર રીતે સ્પષ્ટ કર્યું હતું કે-સ્વાનુભવપરિણત સમ્યગ્દૃષ્ટિ મહાત્માનો આદર, ભક્તિ, બહુમાન વગેરે કરવું તે આગમવિહિત તથા સમુચિત છે. સ્વનુભૂતિવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેને જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીને અતિ નમ્રતાથી કહ્યું હતું કે 'સાહિબ ! મારે તો આત્માનું કરવું છે; આ બધું તો ઉપાધિ લાગે છે.' ત્યારે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું હતું કે બહેનબા ! તમને શું છે ? તમે તો બધું જોયા કરો ! મારા હિસાબે તો હજી જે થાય છે તે ઓછું છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું ઓછું છે...

ત્યારબાદ તે જ ભવ્ય મંડપમાં પૂજ્ય બહેનશ્રીનું હીરાથી બહુમાન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૧૩૭ પરિવારને આ અલભ્ય અવસરનો લાભ મળ્યો હતો. 'જન્મવધાઈ' નિમિત્તે દર્શનનો કાર્યક્રમ પણ સાથે જ રાખવામાં આવ્યો હતો. સુવ્યવસ્થાને કારણે આ બંન્ને કાર્યક્રમ એક કલાકમાં ખૂબ સરસ રીતે પૂર્ણ થયો હતો.

વાતાવરણ ભક્તિરસથી તરબોળ થઈ ગયું હતું. જ્યાં જુઓ ત્યાં બધાના—સ્ત્રી હો કે પુરુષ હો, બાળક હો કે વૃદ્ધ હો બધાના—તન-મન ભક્તિરસથી નાચી ઊઠ્યા હતા. આ કાર્યક્રમના આરંભમાં, પૂજ્ય બહેનશ્રી પોતાના અશક્ત સ્વાસ્થ્ય છતાં, ધીરે ધીરે મંડપમાં પધાર્યાં તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ચિત્રપટના અત્યંત ભક્તિભાવથી દર્શન કર્યાં ત્યારે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના મુખ પર એવો પ્રકાશપુંજ વ્યાપેલો હતો કે જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ બિરાજમાન હોય. ભક્તિરસથી ભીંજાયેલા મુમુક્ષુઓને એવો જ અનુભવ થઈ રહ્યો હતો કે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ પધાર્યા છે. જન્મજયંતી અભિવાદન તથા હીરાથી વધાવવાની વિધિ પહેલાં પૂજ્ય બહેનશ્રીએ ગુરુ ઉપકૃત ભાવભીના અધ્યાત્મરસપૂર્ણ તાત્ત્વિક બે શબ્દો કહ્યાં હતાં.

સવારે શાસ્ત્ર પ્રવચન જિનેન્દ્રભક્તિ સાંજે જિનેન્દ્ર આરતી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું

વિડિયો ટેપ-પ્રવચન, ત્યારબાદ રાત્રે ગોગીદેવી બ્ર. આશ્રમમાં બાળાઓ તથા બ્ર. બહેનોએ મહિલા મુમુક્ષુ સમાજ સમક્ષ પ્રાસંગિક નાટિકા તેમજ ભક્તિ આદિ વિશિષ્ટ કાર્યક્રમ પ્રસ્તુત કર્યા હતા. આ રીતે સાતિશય હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવેલ આ મંગલ મહોત્સવ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કહેવામાં આવેલા આ શબ્દો— "હવે તો એમને ( ચમ્પાબેનને ) બહાર લાવવા જ છે. એમનો જયજયકાર થશે, એમની ખૂબજ શાનદાર ઉન્નતિ થશે. જે જીવશે તે જોશે "ના ગુંજારવને આન્દોલિત કરતો થકો સાનન્દ સમાપ્ત થયો હતો.

* ઘાટકોપર તથા વઢવાણની દિ. જૈન ભજન મંડળીએ ભક્તિ કાર્યક્રમ દ્વારા ઉત્સવની શોભાવૃદ્ધિમાં સારો એવો સહયોગ આપ્યો હતો. તે માટે તે બન્ને મંડળીને હાર્દિક ધન્યવાદ !

* ભાદરવા સુદ એકમના દિવસે સ્થાનીક સમગ્ર મુમુક્ષુ મંડળ સહિત મહેમાનોનું જમણ 'જન્મ જયંતી મહોત્સવ સમિતિ' તથા શ્રી હેમકુંવરબેન કામાણી જમશેદપુર તરફથી તેમ જ બીજના દિવસે (જન્મ જયંતીનાદિને) 'જન્મજયંતી મહોત્સવ સમિતિ' તથા શ્રી સવિતાબેન વજલાલ ડેલીવાળા (સુરત) તરફથી રાખવામાં આવ્યું હતું.

* ઉત્સવના પાંચ દિવસ સુધી સાહિત્ય વેચાણમાં શ્રી ચન્દ્રકાંત ઊજમશી મહેતા (ચેમ્બુર) તરથી ૨૫ ટકા તથા શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણી, મલાડ (હા. શ્રી દિનેશચંદ્ર તથા જયવંત મેઘાણી) તરફથી ૧૦ ટકા કુલ ૩૫ ટકા ડિસ્કાઉન્ટ રાખ્યું હતું, જેમાં રૂા. ૧૫,૦૦૦ ના સાહિત્યનું વેચાણ થયું હતું.

* આ ઉત્સવમાં શ્રી પંચપરમેષ્ટિ-મંડળ વિધાનપૂજા (૧) શ્રી સમરતબેન ગુલાબચંદ જોબાલિયા ( સોનગઢ ) (૨) શ્રી અનુપચંદ મુલજીભાઈ ખારા ( હા. મહેન્દ્ર તથા હસમુખ ખારા રાંચી ), (૩) બહેનશ્રી ચમ્પાબેન—૭૧ મી જન્મજયંતી–મહોત્સવ સમિતિ, દાદર, (૪) શ્રી મંજુલાબેન શિવલાલ ડગલી, (બોટાદ ) તરફથી રાખવામાં આવેલ હતી.

* આ મંગળ મહોત્સવમાં મુમુક્ષુઓએ રૂા. પાંચ લાખની દાનરાશિ જાહેર કરી હતી. જેમાંથી લગભગ સાડાત્રણ લાખ રૂપિયા સંસ્થાના વિવિધ ખાતામાં આવ્યા હતા. રૂા. ૬૨,૩૩૮ ૭૧ મી જન્મજયંતી નિમિત્તે ૭૧ નાં અંકમાં; રૂા. ૧૮૨૦૮ જિનેન્દ્ર રથયાત્રા; રૂા. ૫૧૫ જિનેન્દ્ર આરતી; રૂા. ૪૪,૭૫૯ નંદિશ્વર જિનાલયમાં 'વચનામૃત'ના (સંગેમરમર ઉત્કીર્ણ) પાટિયા લગાડવાની ખુશાલીમાં; રૂા. ૧,૩૭,૧૩૭ જન્મજયંતીના દિવસે હીરાથી બહુમાન કરવાની વિધિમાં; રૂા. ૧૦,૦૦૦ બીજા દિવસોમાં હીરાથી વધાવવાના; રૂા. ૯૪૧૨ જન્મજયંતી અભિવાદનના અવસર પર પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં; રૂા. ૩૫,૪૦૦ પૂજ્ય બહેનશ્રીના

વિડિયો ટેપ-પ્રવચન, ત્યારબાદ રાત્રે ગોગીદેવી બ્ર. આશ્રમમાં બાળાઓ તથા બ્ર. બહેનોએ મહિલા મુમુક્ષુ સમાજ સમક્ષ પ્રાસંગિક નાટિકા તેમજ ભક્તિ આદિ વિશિષ્ટ કાર્યક્રમ પ્રસ્તુત કર્યા હતા. આ રીતે સાતિશય હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવેલ આ મંગલ મહોત્સવ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કહેવામાં આવેલા આ શબ્દો— "હવે તો એમને (ચમ્પાબેનને) બહાર લાવવા જ છે. એમનો જયજયકાર થશે, એમની ખૂબજ શાનદાર ઉન્નતિ થશે. જે જીવશે તે જોશે"ના ગુંજારવને આન્દોલિત કરતો થકો સાનન્દ સમાપ્ત થયો હતો.

* ઘાટકોપર તથા વઢવાણની દિ. જૈન ભજન મંડળીએ ભક્તિ કાર્યક્રમ દ્વારા ઉત્સવની શોભાવૃદ્ધિમાં સારો એવો સહયોગ આપ્યો હતો. તે માટે તે બન્ને મંડળીને હાર્દિક ધન્યવાદ!

* ભાદરવા સુદ એકમના દિવસે સ્થાનીક સમગ્ર મુમુક્ષુ મંડળ સહિત મહેમાનોનું જમણુ 'જન્મ જયંતી મહોત્સવ સમિતિ' તથા શ્રી હેમકુંવરબેન કામાણી જમશેદપુર તરફથી તેમ જ બીજના દિવસે (જન્મ જયંતીનાદિને) 'જન્મજયંતી મહોત્સવ સમિતિ' તથા શ્રી સવિતાબેન વજલાલ ડેલીવાળા (સુરત) તરફથી રાખવામાં આવ્યું હતું.

* ઉત્સવના પાંચ દિવસ સુધી સાહિત્ય વેચાણમાં શ્રી ચન્દ્રકાત ઊજમશી મહેતા (ચેમ્બુર) તરથી ૨૫ ટકા તથા શ્રી કમળાબેન અમૃતલાલ મેઘાણી, મલાડ (હા. શ્રી દિનેશચંદ્ર તથા જયવંત મેઘાણી) તરફથી ૧૦ ટકા કુલ ૩૫ ટકા ડિસ્કાઉન્ટ રાખ્યું હતું, જેમાં રૂા. ૧૫,૦૦૦ ના સાહિત્યનું વેચાણ થયું હતું.

* આ ઉત્સવમાં શ્રી પંચપરમેષ્ટિ-મંડળ વિધાનપૂજા (૧) શ્રી સમરતબેન ગુલાબચંદ જોબાલિયા (સોનગઢ) (૨) શ્રી અનુપચંદ મુલજીભાઈ ખારા (હા. મહેન્દ્ર તથા હસમુખ ખારા રાંચી), (૩) બહેનશ્રી ચમ્પાબેન—૭૧ મી જન્મજયંતી-મહોત્સવ સમિતિ, દાદર, (૪) શ્રી મંજુલાબેન શિવલાલ ઠગલી, (બોટાદ) તરફથી રાખવામાં આવેલ હતી.

* આ મંગળ મહોત્સવમાં મુમુક્ષુઓએ રૂા. પાંચ લાખની દાનરાશિ જાહેર કરી હતી. જેમાંથી લગલગ સાડાત્રણ લાખ રૂપિયા સંસ્થાના વિવિધ ખાતામાં આવ્યા હતા. રૂા. ૬૨,૩૩૮ ૭૧ મી જન્મજયંતી નિમિત્તે ૭૧ નાં અંકમાં; રૂા. ૧૮૨૦૮ જિનેન્દ્ર રથયાત્રા; રૂા. ૫૧૫ જિનેન્દ્ર આરતી; રૂા. ૪૪,૭૫૯ નંદિશ્વર જિનાલયમાં 'વચનામૃત'ના (સંગેમરમર ઉત્કીર્ણ) પાટિયા લગાડવાની ખુશાલીમાં; રૂા. ૧,૩૭,૧૩૭ જન્મજયંતીના દિવસે હીરાથી બહુમાન કરવાની વિધિમાં; રૂા. ૧૦,૦૦૦ બીજા દિવસોમાં હીરાથી વધાવવાના; રૂા. ૯૪૧૨ જન્મજયંતી અભિવાદનના અવસર પર પૂજ્ય બહેનશ્રીના ચરણોમાં; રૂા. ૩૫,૪૦૦ પૂજ્ય બહેનશ્રીના

નિવાસસ્થાનમાં 'હાર' ના સ્વરૂપે તેમજ ચરણોમાં; રૂા. ૩૧૦૦૦ ગાદલાના ફંડમાં– આ રીતે રૂા. ૩,૪૮,૭૬૯ સંસ્થાના વિભિન્ન ખાતામાં તથા બીજા રૂા. ૬૦,૩૩૨ કહાન-એકસપ્રેસમાં પ્રથમ વર્ગમાં બેસવાની બોલી 'કહાન એકસપ્રેસ'ના આરક્ષક (ગાર્ડ) ની બોલી, યાત્રીયોની પ્રવાસ–ટિકિટ વગેરે અન્ય રકમો મળીને કુલ લગભગ પાંચ લાખ રૂપિયા મુમુક્ષુઓએ આ ઉત્સવમાં વાપર્યા હતા.

* પર્વાધિરાજ પર્યુષણપર્વ વિશેષ આનંદોલ્લાસ પૂર્વક ઉજવાઈ રહ્યો છે. આ પુનિત પ્રસંગે શ્રી દશલક્ષણ ધર્મ–મંડળ-વિધાન પૂજા (૧) મંજુલાબેન મનહરલાલ શેઠ, બેંગલોર તથા (૨) દયાબેન હીંમતલાલ શેઠ, બેંગલોર તરફથી રાખવામાં આવેલ છે.

* સ્વ. શ્રી જયસુખલાલ પોપટલાલ સંઘાણી (રાજકોટ) તરફથી રૂા. ૧૦,૦૦૦ સોનગઢમાં અષાઢ મહિનાની 'નન્દીશ્વર–અષ્ટાન્હિકાકાયમી પૂજા' ખાતે તથા રૂા. ૧૧,૦૦૦ વૈશાખ શુદ બીજ 'કહાનગુરુ જન્મજયંતી' ના દિવસે જમણ ખાતે—આ રીતે રૂા. ૨૧,૦૦૦ જાહેર કર્યાં છે.

* રૂા. ૧૦,૦૦૦ શ્રી પન્નાદેવી માંગીલાલજી જૈન આગ્રા તરફથી ફાગણમાસની અષ્ટાન્હિકા કાયમી પૂજા માટે જાહેર કરવામાં આવેલ છે.

* શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયનું કામ પ્રગતિમાં છે. બધા ગુંબજ તૈયાર થઈ ગયા છે. શિખરના કામની શરૂઆત થઈ ગઈ છે. સંગેમરમનું બધું કામ મકરાણામાં તૈયાર થઈ રહ્યું છે.

* પરમપૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિ મંદિરનું કામ લગભગ પુરું થવા આવ્યું છે. તેને માટે સંગેમરમરની જાળી તથા વિશાળ કમળનો ઓર્ડર અપાઈ ગયો છે. મકરાણાથી તૈયાર થઈને આવ્યા બાદ એને લગાવવાનું કામ જલ્દી પૂરું થઈ જશે

શ્રી નંદીશ્વર-જિનાલયની નીચેની દિવાલોમાં 'ગુરુદેવશ્રીનાં વચનામૃત'–ઉત્કીર્ણ સંગેમરમરના શિલાપટ લગાડવાની સમારોહપૂર્વક મંગળ વિધિ કારતક સુદ ૧, ગુરુવાર, તા. ૨૫–૧૦–૮૪ (નૂતન વર્ષ)ના શુભ દિવસે રાખવામાં આવી છે. આ ભવ્ય અવસર પર બધા મુમુક્ષુઓને સાદર આમંત્રણ છે.

**વૈરાગ્ય સમાચાર :—**

* પોરબંદરનિવાસી (હાલ-મલાડ) શ્રી હરિલાલ દયાળજી બખખાઈ (વર્ષ-૭૮) તા. ૨૬-૫-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી વાંકાનેર દિ. સંઘના સ્થાપક, જૂના સભ્ય અને ટ્રસ્ટી શ્રી કીરચંદભાઈ ત્રિભોવનભાઈ ગાંધી (વર્ષ-૮૮) તા. ૭-૬-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી શ્રી ચીમનલાલ દેવશીભાઈ નથુ (વર્ષ-૪૫) તા. ૯-૬-૮૪ ના રોજ ઓચિંતા શ્વાસ રૂંધાઈ જતાં સ્વર્ગવાસ પામ્યા છે.

* માળીયા હાટીના નિવાસી (હાલ-દાદર) મનસુખલાલ રામજીભાઈ કોઠારી (વર્ષ-૫૨) તા. ૩-૭-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી કાશીબેન વાલજીભાઈ મહેતા (ગૌહટી નિવાસી શ્રી બળવંતભાઈના માતુશ્રી) (વર્ષ-૭૯) તા. ૬-૭-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જલગાંવનિવાસી ચિ. ચેતનકુમાર નાનાલાલ ટોળીયા (વર્ષ-૨૪) તા. ૭-૭-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી લલીતાબેન નંદલાલભાઈ તલકશીભાઈ દોશી (વર્ષ-૬૦) તા. ૧૫-૭-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જેતપુરનિવાસી (હાલ કલકત્તા) ચિ. નયનાબેન કાંતીલાલ કામદાર (વર્ષ ૨૧) હાર્ટ ફેઈલ થવાથી તા. ૧૭-૭-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી કસ્તુરબેન લાલચંદ અજમેરા (રમણીકભાઈના માતુશ્રી) (વર્ષ-૮૨) તા. ૨૨-૭-૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી (હાલ બેંગલોર) ઉમરાળાના પ્રમુખ શ્રી અભેચંદભાઈ રામજીભાઈ મહેતા (વર્ષ-૮૧) તા. ૨૪-૭-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી (હાલ સુરત) ફોટોગ્રાફર શ્રી નંદલાલ મગનલાલ ધોળકીયા (વર્ષ-૮૦) તા. ૧૧-૮-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણ નિવાસી (હાલ-માટુંગા) ચંપાબેન વજુભાઈ પારેખ (વર્ષ-૬૩) તા. ૧૦-૭-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. હાર્ટએટેક બાદ અઠવાડિયા દરમિયાન તેઓએ સતત આત્મ-ચિંતન-મનન ને શાસ્ત્રશ્રવણમાં જ પોતાના પરિણામ લગાડયા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કરુણા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે હું જરૂર આત્મપ્રાપ્તિ કરીશ એવી દઢતા પૂર્વક અંતિમ સમય સુધી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના ઉપકાર-મહિમા ને બહુમાનના સ્મરણ સહિત શાંતિથી આત્મજાગૃતિપૂર્વક દેહ છોડયો હતો.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે સદ્‌ગત આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. *

## વૈરાગ્ય સમાચાર :—

* પોરબંદરનિવાસી (હાલ-મલાડ) શ્રી હરિલાલ દયાળજી બખાઈ (વર્ષ–૭૮) તા. ૨૬–૫–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી વાંકાનેર દિ. સંઘના સ્થાપક, જૂના સભ્ય અને ટ્રસ્ટી શ્રી કીરચંદભાઈ ત્રિભોવનભાઈ ગાંધી (વર્ષ–૮૮) તા. ૭–૬–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી શ્રી ચીમનલાલ દેવશીભાઈ નથુ (વર્ષ–૪૫) તા. ૯–૬–૮૪ના રોજ ઓચિંતા શ્વાસ રૂંધાઈ જતાં સ્વર્ગવાસ પામ્યા છે.

* માળીયા હાટીના નિવાસી (હાલ-દાદર) મનસુખલાલ રામજીભાઈ કોઠારી (વર્ષ–૫૨) તા. ૩-૭-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી કાશીબેન વાલજીભાઈ મહેતા (ગૌહટી નિવાસી શ્રી બળવંતભાઈના માતુશ્રી) (વર્ષ–૭૮) તા. ૬–૭–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જલગાંવનિવાસી ચિ. ચેતનકુમાર નાનાલાલ ટોળીયા (વર્ષ–૨૪) તા. ૭–૭–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી લલીતાબેન નંદલાલભાઈ તલકશીભાઈ દોશી (વર્ષ–૬૦) તા. ૧૫–૭–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જેતપુરનિવાસી (હાલ કલકત્તા) ચિ. નયનાબેન કાંતીલાલ કામદાર (વર્ષ ૨૧) હાર્ટ ફેઈલ થવાથી તા. ૧૭–૭–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી કસ્તુરબેન લાલચંદ અજમેરા (રમણીકભાઈના માતુશ્રી) (વર્ષ-૮૨) તા. ૨૨–૭–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી (હાલ બેંગલોર) ઉમરાળાના પ્રમુખ શ્રી અભેચંદભાઈ રામજીભાઈ મહેતા (વર્ષ–૮૧) તા. ૨૪-૭-૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી (હાલ સુરત) ફોટોગ્રાફર શ્રી નંદલાલ મગનલાલ ધોળકીયા (વર્ષ–૮૦) તા. ૧૧–૮–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણ નિવાસી (હાલ–માટુંગા) ચંપાબેન વજુભાઈ પારેખ (વર્ષ–૬૩) તા. ૧૦–૭–૮૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. હાર્ટએટેક બાદ અઠવાડિયા દરમિયાન તેઓએ સતત આત્મ-ચિંતન-મનન ને શાસ્ત્રશ્રવણમાં જ પોતાના પરિણામ લગાડ્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કરુણા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે હું જરૂર આત્મપ્રાપ્તિ કરીશ એવી દૃઢતા પૂર્વક અંતિમ સમય સુધી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના ઉપકાર–મહિમા ને બહુમાનના સ્મરણ સહિત શાંતિથી આત્મજાગૃતિપૂર્વક દેહ છોડ્યો હતો.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કૃપા વડે પ્રાપ્ત આત્મસંસ્કારબળે સદ્‌ગત આત્માઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. *

# સુવર્ણપુરી સમાચાર :–

## * બહેનશ્રી ચંપાબેન–૭૧મી જન્મજયંતી *

પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેન–૭૧ મી જન્મજયંતી મહોત્સવ સમિતિએ (દાદર દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી, સભ્યો તથા બૃહદ મુંબઈના મુમુક્ષુઓએ) અતિ આનંદોલ્લાસ સહ આ ભવ્ય મહોત્સવ ઉજવ્યો. ૩૦૦૦ થી વધારે ગુજરાતી તથા હિન્દી મુમુક્ષુ મેહમાનોએ ઉપસ્થિત રહીને લાભ લીધો હતો. શ્રાવણ સુદ ૧૩ તા. ૯ ઓગસ્ટના દિવસે શ્રી પંચપરમેષ્ઠિ–મંડળ વિધાનપૂજાનાં ભવ્ય સમારોહથી આ મંગળમય ઉત્સવનો શુભારંભ થયો હતો. પ્રતિદિન પ્રાતઃ ૮ા થી ૯ા પરમાગમ સમયસાર (૪૭ શક્તિ) ઉપર પ્રાતઃવન્દ્ય પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મસમૃદ્ધિપ્રકાશક સુન્દર ટેપ પ્રવચન શ્રોતા સમુદાયને ગુરુવિરહ ભૂલાવી આનંદિત કરતા હતા.

બપોરે ૧–૦૦ વાગ્યે દાદર, બૃહદ મુંબઈના તથા અન્ય કેટલાક મુમુક્ષુઓ પ્રશમરસ પરિણત પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેન પાસે દર્શન તથા આધ્યાત્મિક તત્ત્વચર્ચાના લાભ માટે જતા હતા, જેની વિડયો–ટેપ ઉતારતા હતા; તે વિડિયો ટેપ બપોરની શાસ્ત્ર સભા બાદ અથવા રાત્રે સમસ્ત મુમુક્ષુ સમાજને દેખાડતા–સંભળાવતા હતા. ધાર્મિક શિક્ષણ વર્ગની સાથે ઉત્સવના પંદર દિવસ બપોરના શાસ્ત્ર પ્રવચન મુમુક્ષુ વિદ્વાન શ્રી શશીકાન્તભાઈ મનસુખલાલ શેઠે (ભાવનગર) શ્રી સમયસાર કળશ–ટીકા પર કર્યું હતું. શૈલી રોચક ગંભીર ભાવવાહી તેમજ સત્ અને સત્પુરુષ પ્રતિ ભક્તિભીની હતી. શ્રીમદ્ રાજચંદ્રજી, બહેનશ્રીનાં વચનામૃત તથા સોગાનીજીના વચનાંશને પ્રસ્તુત કરીને પ્રત્યક્ષ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી પ્રતિ પોતાની ભક્તિભાવભીની ઊર્મિઓ વ્યક્ત કરતા હતા.

બપોરે શાસ્ત્ર પ્રવચન બાદ આદરણીય વિદ્વદ્રત્ન પંડિત શ્રી હિંમતલાલભાઈ જે. શાહ પોતાની શાંત, મધુર, વૈરાગ્ય તેમ જ ભક્તિભીની શૈલી દ્વારા જિનેન્દ્રભક્તિ કરાવતા હતા, જેનો મંત્રમુગ્ધ થઈને આખો ભક્તસમાજ લાભ લેતો હતો.

સાંજે ૭ા થી ૮ા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ પ્રવચન ચાલતા હતા. ત્યારબાદ પોણો કલાક મુમુક્ષુ વિદ્વાન શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલીનું શાસ્ત્ર પ્રવચન થતું હતું.

## * શ્રાવણ શુદ ૧૫ રક્ષાબંધન પર્વ *

મુમુક્ષુસમાજને કેટલાક મહિનાથી જેની પ્રતીક્ષા હતી તે 'બહેનશ્રી-જન્મધામ' (વઢવાણ શહેર) ની પાવનયાત્રાનો અભૂતપૂર્વ આનંદપ્રદ તથા મંગલમય કાર્યક્રમ, સ્પેશીયલ ટ્રેઇન દ્વારા રક્ષાબંધનપર્વના દિવસે રાખવામાં આવ્યો હતો. ભક્તોની પ્રાર્થના

[ અનુસંધાન માટે જુઓ પેજ નં. ૨૫ ]

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિઃ—

| | | |
|---|---|---|
| ૧૯૪૧ | શ્રી અમીત મનુભાઈ શ્રોફ | અમદાવાદ |
| ૧૯૪૨ | ,, ચંદુલાલ પી. શાહ | જામનગર |
| ૧૯૪૩ | ,, સોની ઉજમશી પ્રેમચંદભાઈ | વઢવાણ |
| ૧૯૪૪ | ,, હરીલાલ અમરશી | અમલનેર |
| ૧૯૪૫ | ,, મંજુલાબેન નંદલાલ મહેતા | સોનગઢ |
| ૧૯૪૬ | ,, શેઠ સમરતમલજી કેસરીમલજી | રતલામ |
| ૧૯૪૭ | ,, સંતોષકુમાર જૈન | કોલારસ |
| ૧૯૪૮ | ,, નગીનદાસ અમરતલાલ હેમાણી | મુંબઈ |
| ૧૯૪૯ | ,, હસમુખરાય ભોગીલાલ મોદી | ઈન્દોર |
| ૧૯૫૦ | ,, બીપીનચંદ્ર હિમતલાલ ઝવેરી | રાજકોટ |
| ૧૯૫૧ | ,, શાહ વ્રજલાલ હરગોવીંદદાસ | રાણપુર |
| ૧૯૫૨ | ,, નિતીન રમેશચંદ્ર ગાંધી | મુંબઈ |
| ૧૯૫૩ | ,, સીમંધર દિગંબર જૈન ચૈત્યાલય | નરોડા |
| ૧૯૫૪ | ,, હરસુખલાલ જયસુખલાલ દેસાઈ | જેતપુર |
| ૧૯૫૫ | ,, બળવંતરાય મગનલાલ મહેતા | મુંબઈ |
| ૧૯૫૬ | ,, મનુભાઈ રતિલાલ કામદાર | શીહોર |
| ૧૯૫૭ | ,, ઉમેદસિંહ પી. જાડેજા | અમદાવાદ |
| ૧૯૫૮ | ,, ચમનલાલ દામોદરદાસ શાહ | વઢવાણ |
| ૧૯૫૯ | ,, રમેશચંદ્ર કસ્તૂરચંદ દોઢીવાળા | મુંબઈ |
| ૧૯૬૦ | ,, બાબુલાલ દુર્લભજી બગડીયા | મુંબઈ |
| ૧૯૬૧ | ,, મહેશકુમાર હિંમતલાલ મહેતા | પુના |
| ૧૯૬૨ | ,, મયૂરી સતીષભાઈ વોરા | મુંબઈ |
| ૧૯૬૩ | ,, દેવીબેન લખુભાઈ શેઠ | બોટાદ |
| ૧૯૬૪ | ,, ઉષા પી. કોઠારી | કલકત્તા |
| ૧૯૬૫ | ,, રંગલાલજી જૈન | કુરાવડ |
| ૧૯૬૬ | ,, રાજેશ ચતુરદાસ શાહ | મુંબઈ |
| ૧૯૬૭ | ,, બાબુલાલ છોટાલાલ ગાંધી | મુંબઈ |
| ૧૯૬૮ | ,, પ્રવિણકુમાર શંકરલાલ મહેતા | મુંબઈ |
| ૧૯૬૯ | શ્રી શાંતાબેન નરોત્તમદાસ ડગલી | મુંબઈ |
| ૧૯૭૦ | ,, કાંતીલાલ વી. અજમેરા | અમદાવાદ |
| ૧૯૭૧ | ,, લીલાબેન પન્નાલાલ સલોત | બોટાદ |
| ૧૯૭૨ | ,, છબીલદાસ રતીલાલ વસાણી | મુંબઈ |

(ક્રમશઃ)

**આજીવન સભ્ય ફી ૧૦૧/-**

Licence No. 3
'Licensed to post
w... ent'

To,

૧૨૨૬ A શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પો. ઓ. કોલેજ
સણોસરા
વાયા–સોનગઢ

If undelivered please return to
**શ્રીદિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ (કાનજીસ્વામીનું) પીન : ૩૬૪ ૨૫૦

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વેની આત્મધર્મ–પરિવાર ક્ષમા માંગે છે.

—સંપાદક

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364 250